॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જાન્યુઆરી ૨૦૧૧૧
રૂા. ૫/૦૦



કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોની ૭મી સત્સંગ શિબિરમાં પધારેલ યુવાનો સાથે
પ.પૂ. મંહત સ્વામી આદિ સંતો શ્રી હરિ તપોવન ગુરુકુલ ગંગાજી-રામપર.



પ્રોજેક્ટ દ્વારા શિબિરાર્થિઓને શિક્ષણ આપતા
પ.પૂ. કૃષ્ણ સ્વરૂપ દાસજી સ્વામી



૭મી સત્સંગ શિબિરનું દિપ પ્રાગટ્ય કરી
શુભારંભ કરાવતા પ.પૂ. મહંત સ્વામી

ભુજ મંદિરના બહેનોના ગુરૂપદે લાંબા સમય સુધી સેવા કરનાર
સાં.યો. મહંત ધનબાઈ કારાના અક્ષરનિવાસી થયા બાદ તેમની અંતિમ યાત્રા તેમજ
અંતિમ ક્રિયામાં ઉપસ્થિત બહોળા પ્રમાણમાં પધારેલ ભક્ત સમુદાય








મહંત ધનબાઈકારાના અક્ષરવાસ બાદ શોકસભામાં ઉપસ્થિત
સાંખ્યયોગી બહેનો, સંતો તથા ભક્ત સમુદાય-ભુજ.





॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

।। યાવજ્જીવં ચ શુશ્રૂષા કાર્યા ।।

।। માનવ સેવા પ્રભુ સેવા।।

**ધર્મ, જ્ઞાન, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક**

## લેખકોને ખાસ વિનંતી

- ❖ આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- ❖ લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- ❖ લેખક એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- ❖ કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ❖ ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- ❖ કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- ❖ સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### :: લવાજમ ::

| | |
|---|---|
| દેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં :- | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ❖ અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.
- ❖ પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**:: website ::**
www.bhujmandir.org.
**:: E-mail ::**
info@bhujmandir.org

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૬

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૦, અંક - ૧ - જાન્યુઆરી-૨૦૧૧
સળંગ અંક - ૩૦૨

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**-:: સંસ્થાપક ::-**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**-:: માલિક ::-**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**-:: પ્રકાશક અને મુદ્રક ::-**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**-:: તંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**-:: સહતંત્રી ::-**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકરવાનું સ્થળ**
શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧
ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

## તંત્રીની કલમે...

મન, વચન, કાયા, સંસર્ગ, જાણે અજાણે સ્પર્શા-સ્પર્શ, આસન, ભોજન, શયન આદિ ક્રિયાઓમાં કરેલા દોષનું નિવારણ સ્નાન કરવાથી થાય છે.

શરીરના નવ દ્વાર છે. આ નવ દ્વાર શરીરને મલિન અને અપવિત્ર બનાવે છે. સ્નાન કરવાથી મલિનતા દૂર થાય છે અને શરીર પવિત્ર થાય છે.

સ્નાન ન કરવાથી બ્રાહ્મણ શૂદ્રવત થાય છે. માટે દરેકે સ્નાન કરવું જોઈએ.

પાણીનો ગુણ છે પવિત્ર કરવાનો. ''આપો પુનાતુ'' પાણી (મને) પવિત્ર કરો. પાણીને એવી પ્રાર્થના કરવાનો એ જ મહિમા છે.

શ્રીજી મહારાજે પોતાના અનુયાયી હરિભક્તોને પ્રાતઃકાળમાં સ્નાન કરવાની આજ્ઞા કરેલી છે. ''ઉપવેશ્યૈવ ચૈકત્ર કર્તવ્યં દન્તધાવનમ્, સ્નાત્વા શુચ્યમ્બુના'' એક ઠેકાણે બેસીને જ દાતણ કરવું (અને) પવિત્ર જળ વડે સ્નાન કરીને બે ધોયેલાં વસ્ત્ર ધારણ કરવાં (એક પહેરવું અને એક ઓઢવું). ભગવાને શુધ્ધ જળ વડે સ્નાન કરવાનો આદેશ કર્યો છે.

પ્રાતઃસ્નાન માટે ઉત્તમ સમય બ્રાહ્મમુહૂર્ત છે. રાત્રિના પ્રથમ ત્રણ પ્રહર પૂરા થાય અને ચોથો પ્રહર શરૂ થાય એ બ્રાહ્મમુહૂર્ત. બ્રાહ્મમુહૂર્તમાં કરેલું સ્નાન દૈવી સ્નાન છે. બ્રાહ્મમુહૂર્ત પછી સૂર્યોદય પહેલાં નક્ષત્રો દેખાય ત્યાં સુધીમાં કરેલું સ્નાન માનુષી સ્નાન છે અને સૂર્યોદય પછી કરેલું સ્નાન એ રાક્ષસી સ્નાન છે.

યજ્ઞાદિ ધર્મકાર્યોમાં યજમાન માટે દશવિધ (દશ પ્રકારના) સ્નાન છે, જે આ પ્રમાણે છે. ૧. ભસ્મ, ૨. મૃત્તિકા, ૩. ગોમય ૪. પંચગવ્ય, ૫. ગોદરેજ, ૬. ધાન્ય, ૭. ફલ, ૮. સર્વ ઔષધી, ૯. કુશોદક ૧૦. હિરણ્ય.

સવારનું સ્નાન કરનારને મેધા, અલોલુપતા, આરોગ્ય, રૂપ, તેજ, યશ, બળ, શૌર્ય, આયુષ્ય વગેરેની પ્રાપ્તિ થાય છે.

બિમારી અથવા કોઈ અનિવાર્ય નડતરને કારણે સ્નાન કરવું અશક્ય હોય તો શ્રીહરિનું ધ્યાન, માનસિક સ્નાન, માટી, ભસ્મ, ગોરજ, વાયુ, સૂર્યનો તડકો આદિ ઉપચારોથી સ્નાનનું ફળ પ્રાપ્ત કરી પવિત્ર થઈ શકાય છે.

પવિત્ર નદી, તળાવ વગેરે જળાશયોમાં વિધિવત્ સ્નાન વિશેષ પુણ્યદાયક છે. નદીના સંગમસ્થાનમાં કરેલું સ્નાન પાપને હરનારું છે. તેમાંપણ જ્યાં શ્યામ અને શ્વેત પાણી ભેગાં થાય છે એ ગંગા, યમુના અને સરસ્વતીના પ્રયાગરાજ આગળના ત્રિવેણી સંગમમાં કરેલું સ્નાન સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારું કહેલું છે.

સૂર્ય મકરરાશીમાં આવતાં પાણીની પવિત્રતા સમૃધ્ધ બને છે. સૂર્ય મકરરાશીમાં આવ્યા પછી તા. ૧૪ જાન્યુઆરી સુધી મકર રાશીમાં રહે છે. આ સમયમાં ત્રવેણી સંગમમાં કરેલા સ્નાનનો વિશેષ મહિમા કહેલો છે. પોષ સુદ ૧૫ થી મહા સુદ ૧૫ સુધીના માઘી સ્નાનમાં પ્રસંગોપાત કેટલાક દિવસો સૂર્યના મકરરાશીના દિવસોમાં આવે છે. આ હિસાબે ધર્મનિષ્ઠ ભક્તજનો નદી, સરોવર તથા સંગમસ્થાને માઘી સ્નાન કરી પુણ્યપ્રાપ્તિના અધિકારી બને છે.

કલિંગના રાજાની કાંચનમાલિકા નામની વારસ્ત્રી પ્રયાગ ત્રિવેણી સંગમમાં સ્નાન કરી પાપમુક્ત થઈ હતી. ઈન્દ્રને ગૌતમમુનિના શાપથી શરીરે થયેલાં ૧૦૦૦ છિદ્ર પણ પ્રયાગ ત્રિવેણી સંગમના સ્નાનથી નષ્ટ થઈ ગયાં હતા અને છિદ્રોની જગ્યાએ ૧૦૦૦ ચક્ષુ પ્રાપ્ત થયાં હતાં. પુરાણોમાં આ તેમજ આવાં બીજાં ઉદાહરણો છે.

ભગવાન સહજાનંદ સ્વામીએ અમદાવાદ પાસે મોટેરા સાબરમતી નદીમાં સંતો, હરિભક્તો, રાજાઓ સહિત ૪ ઘડી (૧ કલાક ૩૬ મિનિટ જેટલો સમય) જળક્રીડા કરી સૌને આશ્ચર્યપૂર્ણ આનંદ આપ્યો હતો.

કચ્છના વિચરણમાં તો શ્રીહરિએ જે જે જળાશયો આવ્યાં તે બધાં જ સ્નાનક્રીડા કરી પવિત્ર કરેલાં છે. ભેખડ હોય તો ભેખડ ઉપરથી ભુસાકા મારવાની લીલાથી ભક્તજનોને મુગ્ધ કર્યા છે. માંડવીના દરીયામાં પણ સ્નાન ક્રીડા કરી છે અને ભુજના હમીર સરોવરને તથા રામપર-વેકરા રૂકમાવતી નદી (ગંગાજી) ને તો તીર્થધામ બનાવ્યાં છે.

ઈતિ જય શ્રી સ્વામિનારાયણ.

# સમાગમે સંત

- ધરમશીભાઈ દેવશી ભગત (રવાપર હાલે ત્રિવેન્દ્રમ્)

## વિઠ્ઠલમાંથી વિઠ્ઠલાનંદ બાળ બાલાનંદ

સૌરાષ્ટ્રમાં આત્માનંદ સ્વામીને ભગવાન માની પૂજનાર સારો એવો વર્ગ હતો. આત્માનંદ સ્વામી અદ્વૈત-નિર્ગુણ નિરાકાર મતવાળા હતા. લોઢવા ગામની ચારણ લખુબાઈ જે સમાધિનિષ્ઠ હતી તથા વિઠ્ઠલ તેઓના શિષ્ય હતા. લખુબાઈ સદાવ્રત ચલાવતી. સાધુ-સંતોને ઉતારો અને અન્નદાન આપતી વિઠ્ઠલ તેનું રસોઈકામ સંભાળતો. વિઠ્ઠલની પત્ની પુત્રને જન્મ આપી ત્રીજે મહિને ગુજરી ગઈ. નાના ધાવણા બાળકને ઉછેરવાની કપરી જવાબદારી વિઠ્ઠલ પર આવી પડી. ગુરુ આત્માનંદ પાસે વાત કરી કે બાળકને ધવરાવનાર મળતું નથી. મોટો કેમ કરવો ? સ્વામી એ આશીર્વાદ આપ્યા કે તું જ ધવરાવ. આમ વિઠ્ઠલની છાતીમાં દૂધ ઉભરાયું. એક માતાની જવાબદારી નિભાવી પુત્રને મોટો કર્યો. બાળક ઉછેરવો કેવું કઠિન કામ છે તે જાણી વિઠ્ઠલે બીજા લગ્ન ન કરવા તેમજ સદા બ્રહ્મચારી રહેવું એમ મનમાં નક્કી કર્યું. આત્માનંદ સ્વામી પાસે બન્ને બાપ-દીકરાએ બ્રહ્મચારી દીક્ષા લીધી. નામ રાખ્યું વિઠ્ઠલાનંદ અને બાળનું નામ બાલાનંદ. લખુબાઈએ આ બન્નેને અલગ કામ સોંપેલા. વિઠ્ઠલ સદાવ્રતની રસોઈ સંભાળે ને બાલાનંદ લખુબાઈની ભેંસો ચરાવે.

રામાનંદ સ્વામીએ પણ આત્માનંદને ગુરુ કરેલા. દીક્ષા તેમની પાસેથી લઈ રામાનંદ નામ ધારણ કર્યું. પરંતુ નિરાકારવાદી આત્માનંદે કહ્યું ધ્યાનમાં પ્રભુદર્શન થાય જ નહિ. ફક્ત તેજ જ દેખાય. ધ્યાનનું અંતિમ પગથિયું આટલું જ છે. હરિદર્શનની પ્રબળ ઈચ્છા ધરાવનાર રામાનંદે ગુરુનો પરિત્યાગ કર્યો. નવેસરથી સદ્‌ગુરુની શોધ કરતા કરતા દક્ષિણમાં ગયા. શ્રીરંગક્ષેત્રમાં રામાનુજાચાર્ય પાસે રહી સમાધિમાં ભાગવતી દીક્ષા લીધી. ગુરુએ મંત્રદ્વયંનો ઉપદેશ આપ્યો. ઉર્ધ્વપૂંડ તિલક, કુમકુમનો ચાંદલો ને તુલસીની માળા ધરાવી આશીર્વાદ આપ્યા. લોગ મિલતે ગયે ઔર કાંરવા બનતા ગયા. રામાનુજના જ જૂના આશ્રિતોને આ ગમ્યું નહીં. સ્વામીનો વિરોધ કરવા લાગ્યા. તમે ભાગી જાવ નહીં તો જાનથી મારી નાખશું. ઉપદ્રવને લીધે સ્વામી ત્યાંથી વૃંદાવનમાં ગયા. અહીં ભગવાન દર્શન આપી મંત્ર આપી નવા સંપ્રદાય સ્થાપવાની આજ્ઞા કરી. ત્યાં એક માસ રોકાઈ સોરઠમાં આવ્યા.

આત્માનંદ સ્વામી જે એક વખત ગુરુ માન્યા હતા તેમની સાથે દ્વૈત અદ્વૈત અને કૃષ્ણદર્શન વિષે વાદ વિવાદ કર્યો. આત્માનંદે અદ્વૈત મત છોડ્યો ને રામાનંદ સ્વામીનો સમાગમ કર્યો. પોતાના સર્વ શિષ્યોને કહ્યું રામાનંદ સ્વામીને ગુરુ માનજો ને તે કહે તેમ કરજો. ટૂંક સમયમાં સ્વામી ધામમાં ગયા. પરંતુ સ્વામીની શિષ્યા લખુબાઈ તથા વિઠ્ઠલાનંદ, બાલાનંદને મનાણું નહીં. રામાનંદ સ્વામીએ આ બાઈને ઘણું સમજાવી કે તારા ગુરુએ નિજમત છોડી દીધો તો તું શું પકડી બેઠી છો ? છતાં માન્યું નહીં. અંતે સ્વામીએ આ ત્રણેને વિમુખ જાહેર કરેલા. નીલકંઠવર્ણિ એ કરૂણા કરી તેને સમજાવી નિજમત કરી. લખુબાઈ પર પ્રસન્ન થઈ વર્ણીએ વરદાન માંગવા કહ્યું. બાઈએ માગ્યું મારો પુત્ર વીરો અને મારી આ ભેંસો સદા સુખી રહે તેવું વરદાન આપો. વર્ણી કહે આ માંગણી ખોટી કરી આ તો નાશવંત માગ્યું. કંઈક અવિચળપદ માગો. ત્રણ ત્રણ વખત માંગવા કહ્યું પછી બાઈએ તમારા અક્ષરધામે લઈ જજો એ માગ્યું. ફરી રામાનંદ સ્વામી લખુબાઈને મળ્યા અને સમજાવી કે વર્ણી શાશ્વત ઈશ્વર મનાણા હોય તો વિમુખ મટી સન્મુખ થઈ જા. પાછી સત્સંગમાં આવી જા. પણ બાઈ કહે વર્ણી સાચા પણ ગુરુ બદલીશ નહીં. મને પણ ઘણા ગુરુ માને છે. ગર્વ મૂક્યો નહિ પરંતુ શ્રીહરિએ કૃપા કરી અંતે અક્ષરવાસ આપ્યો.

*****************************************

# આંખના રોગો

અગાઉ આપણે બીજા હપ્તામાં કેટલાક રોગોનું વર્ણન કરેલ છે. તો કેટલાક રોગોની દવા વિશે જાણીએ. (૧) ઝામર નજલો :- આ રોગની અંગ્રેજી વૈદિક શસ્ત્રક્રિયા સૂચવે છે. જ્યારે આયુર્વેદ આ રોગને અસાધ્ય કહે છે. રોજ બે ચમચી કાળી હીમેજનું અધકચરું ચૂર્ણ ઠંડા પાણી સાથે સવાર/સાંજ લેવું તેમજ પથ્યાદિકવાથ બપોરે/રાતે બે ચમચી પાણી સાથે લેવું. જેથી ઘણી રાહત રહે છે. (૨) અધિમંથ : આ રોગમાં મગના પાણી ઉપર ત્રણ સાદા ઉપવાસ કરવા બાદમાં સાદો ખોરાક લેવો અને રોજ બે ચમચી કાળી હીમેજનું અધકચરું ચૂર્ણ બે ચમચી સવાર/સાંજ લેવું. (૩) ખીલ-ચાંદુ-ફૂલું : આ ત્રણે રોગ માટે સારા કુશળ ડોકટર પાસે કાપવાની તેમજ ઘસવાની આધુનિક શલ્ય ચિકીત્સા કરાવી શકાય છે. ઉપરાંત નીચે દવા પણ ચમત્કારી લાભ આપે છે.

(૧) નયનામૃત અંજન : આ આંજવાની દવા સાથે ખાસ પ્રકારની સળી આવે છે. તેના એક છેડાથી એક આંખ અને બીજા છેડાથી બીજી આંખમાં દિવસમાં બે વખત આંજવું. (૨) ચંદ્રોદયવર્તી : આ નામની આંખની દવાની સોગઠી (વર્તી) આવે છે. જેને તાંબાના વાસણના તળિયા પર દિવાસળી વડે સ્વચ્છ પાણીનું ટીપું પાડી સોગઠી ઘસવી પછી બન્ને આંખમાં સ્વચ્છ આંગળી વડે આંજવું. જેથી ફૂલું, ખીલ, ઝાંખપમાં સારું કામ આપે છે (૧) સાધારણ રીતે આંખ દુઃખવા માટે તેમજ લાલ થવા આવી હોય તો ગરમ પાણીમાં બોરિક એસિડ નાખી કપાસથી આંખ ધોવી. (૨) એક ગ્લાસ પાણીમાં બેચ ચમચી ઘરની પીસેલી હળદર નાખી ખૂબ ઊકાળવું. પછી ગાળી નવસેકા પાણીથી આંખ ધોવી. આ સારો પ્રયોગ છે. (૩) પુનર્નવા (સાટોડી) : આંખના બધા રોગો મટાડી આંખ તદ્દન સારી કરે છે. સાટોડીનું ચૂર્ણ (પુનર્નવા) રોજ એક વખત ૧ ચમચો ફાકી સાથે દૂધ પીવું. આ દવા રસાયણ છે જે સોજો પણ ઉતારે છે. (૪) ઝીંકો સલ્ફ (Zinco Sulph) કેમિસ્ટને ત્યાંથી મળી શકે. ૨/૨ ટીપાં સવાર/સાંજ નાખવાથી પાણી પડતું બંધ થઈ આંખ સાફ રહે છે (૫) ત્રિફલાને આયુર્વેદમાં રસાયન કહે છે. જે સમગ્ર શરીર માટે સારું છે. આંખ માટે પણ ઉત્તમ છે. જેનું સેવન ઘડપણ અટકાવે છે. રોગોનો નાશ કરે છે. બધા વિટામીનો કરતા ત્રિફલા શ્રેષ્ઠ છે. મા ના ધાવણ જેવું નિર્દોષ છે. દરરોજ રાતે સૂતી વખતે સારી ફાર્મસીનું ચૂર્ણ બે ચમચી ગરમ અથવા ઠંડા પાણી સાથે લેવું. જેથી ઝાડો સાફ આવશે તો આંખની ગરમી, બળતરા વગેરે ફરિયાદો દૂર થશે. (૬) દિનચર્યામાં રોજ રાતે સારી ફાર્મસીનો સુરમો અચૂક આંજવાનું સૂચન છે. જેથી આંખોનું તેજ વધે છે.

<u>યોગ્ય આહાર :-</u> બાળકો તેમજ મોટાઓએ દૂધ, ઘી, માખણ તમામ જાતની લીલી પાંદડાવાળી ભાજી, લીલા રંગના શાક, શુધ્ધ ગાયનું ઘી જે આંખ માટે પરમ ચક્ષુસ્ય (આંખને હિતકારી) કહેલું છે. વિટામીન A ની ગોળીઓ કરતાં ગાયનું ઘી ઉત્તમ ગણાયું છે. આમ વિટામીન A વાળો ખોરાક ભરપુર લેવો. આધુનિકો પણ આજ અભિપ્રાય આપે છે. ઉપરાંત સેકટાના (સરગવો) પાનની ભાજી, ડોડી (ખરખોડી) ની ભાજીના કુમળા પાનનું શાક, પાલકનું શાક, કોથમીર અને મીઠા લીમડાની ચટણી, ટમેટા, તાજા મુળા, ગાજર, દૂધીનો રસ અથવા દૂધી બાફીને પણ લઈ શકાય વગેરે આંખી રક્ષા ઉત્તમ છે. સૂકા મેવામાં બદામ, અખરોટ, ખજુર, અંજીર વગેરે પોતાની સગવડે ક્યારેક ખાવા જોઈએ. ॥ આંખ હૈ તો જહાં હૈ ॥ આંખ સારી હોય તો આંખમાં અમી એટલે અમૃત, પ્રેમ, લાગણીનો ભાવ હોવાના જ માટે ઉક્તિ છે કે, ॥ આંખમાં અમી દુનિયા ગમી ॥

(આવતા અંકે કાનના રોગો)

- મહેન્દ્ર બી. દવે (માંડવી)

******************************************

# વચનામૃતનાં અમૃતબિંદુ

- જનકભાઈ એમ. ભટ્ટ
- ભરતભાઈ પી. મહેતા

## બિંદુ-૧૩ કામના (તૃષ્ણા)

કામના શું છે ? 'મારું મનગમતું થતું રહે' એવો ભાવ એ કામના છે. 'આ મને મળી જાય, આ પણ મને મળી જાય' એવી ઈચ્છાને કામના (તૃષ્ણા) કહેવામાં આવે છે. જડ પદાર્થો (કે જે નાશવંત છે) પ્રત્યેની આસક્તિથી માનવીના જીવનમાં રજોગુણ પેદા થાય છે. રજોગુણથી રાગ ઉત્પન્ન થાય છે, રાગથી કામ પેદા થાય છે અને કામથી રાગ વધે છે. જડ પદાર્થોના સંગ્રહની કામના થવી તે થકી સુખની ઈચ્છા, આસક્તિ થતી રહે છે. આ બધાં કામના રૂપો છે. આવી તૃષ્ણાથી આસક્તિ વધે છે. સંક્ષેપમાં સંસારના નાશવંત પદાર્થોને સુખદાયક માની લેવાથી રાગ ઉત્પન્ન થાય છે જે થકી માનવીના અંતઃકરણમાં આનું મહત્ત્વ દૃઢીભૂત થઈ જાય છે. ત્યાર પછી નવા નવા પદાર્થો સંગ્રહ કરવાની લાલસા જાગે છે, આવી વૃત્તિના કારણે તેના વડે સુખ લેવાની કામના ઉત્પન્ન થાય છે અને સતત થયા કરે છે. તેમજ પદાર્થોમાં રાગ વધતો રહે છે. ફરી ફરી આવો ક્રમ ચાલતો રહેવાથી પાપકર્મથી સર્વથા નિવૃત્તિ થતી નથી. નાશવંત પદાર્થોની કામના, તેના પ્રત્યેની આસક્તિ, તેના પ્રતિ પ્રીતિ, તેના તરફનું આકર્ષણ બધા પાપોનું મૂળ કહેવામાં આવે છે.

આપણે આપણી કામના પૂર્ણ કરવા જતા હોઈએ અને પૂર્તિ વચ્ચે જો બાધા ઉત્પન્ન થાય કે વિઘ્ન આવે તો તે ક્રોધમાં પરિણમે છે અને જો કામના પરિપૂર્ણ થઈ જાય તો 'લોભ' ઉત્પન્ન થાય છે. લોભ એ પાપનું મૂળ છે.

જે વ્યક્તિ કામનાની પૂર્તિમાં બાધારૂપ બની વિઘ્ન ઉત્પન્ન કરે તે વ્યક્તિ કામના કરના વ્યક્તિ કરતાં વધુ શક્તિશાળી અને બળવાન હોય તો શું થાય ? તો કામના કરનારને ક્રોધ ઉત્પન્ન ન થતાં ભય પેદા થઈ જાય છે. તે ક્રોધિત થવાને બદલે ભયભીત બની જાય છે. આનો અર્થ એ થાય છે કે કામના જ બધા પાપો, સંતાપો, દુઃખો, અનિષ્ટો વગેરેનું મૂળ છે. કામનાયુક્ત વ્યક્તિને જાગૃત અવસ્થામાં સુખની પ્રાપ્તિ થતી નથી, પણ સ્વપ્નાવસ્થામાં પણ તેને સુખ મળતું નથી. તેથી તે પોતાને દુઃખી માને છે. આપણે કંઈ ઈચ્છીએ તે ન થાય અને જેની ઈચ્છા ન હોય તે થઈ જાય ત્યારે જે ભાવ જાગે છે તેને દુઃખ કહે છે, પરંતુ જો માનવી 'ઈચ્છવા'-'ન ઈચ્છવા' ને છોડી દે તો પછી દુઃખ ક્યાં છે ?

નાશવંત પદાર્થોની ઈચ્છાને કામના કહેવામાં આવે છે, જેનો કદી અંત આવતો નથી, તે કદાપિ પૂર્ણ થતી નથી. એક ઈચ્છા પૂરી થાય ત્યાં બીજી ઉત્પન્ન થતી રહે છે. આમ કામના વધતી જ રહે છે. તેથી જ સત્શાસ્ત્રોએ ભીતરમાં રહેલા આત્મતત્ત્વનો ઓળખવાનો બોધ આપેલો છે. નાશવંત પદાર્થોની કામનાની ભૂલભૂલામણીમાંથી બહાર આવીને ભીતરમાં ગતિ કરે તે આત્મતત્ત્વને જાણી શકે છે. આત્મતત્ત્વની ઓળખ થતાં ઈશ્વર પ્રાપ્તિની ઈચ્છા જાગે છે. અવિનાશી ઈશ્વરની ઈચ્છા કરવી તે વાસ્તવમાં કામના નથી. પરમેશ્વરની પ્રાપ્તિ થતાં જ તે પૂર્ણ થઈ જાય છે.

કામનાને નષ્ટ કરવાનો સરળ ઉપાય ક્યો? આસક્તિ છૂટી જાય તો કામના પણ નષ્ટ થાય છે. બીજાઓની સેવા કરવાથી, બીજા લોકોને સુખ પહોંચાડવાથી, આપણા શરીર, મન, ઈન્દ્રિયો, બુધ્ધિ, પ્રાણ બીજા માટે છે તે સમજીને સ્વીકારીને સેવાબુધ્ધિથી કામ કરવાનું છે, ભોગબુધ્ધિથી નહીં. સેવકપણાના ભાવથી કરવાનું છે. પરહિત ચિંતન કરવું. આમ નિષ્કામભાવે ફળની આસક્તિ રાખ્યા

*************************************

વિના, અભિમાન વિના કાર્ય કરવાથી આસક્તિ દૂર થાય છે. આસક્તિ દૂર થતાં કર્મની આસક્તિ પણ સહજ રીતે છૂટી જાય છે. શ્રીજી મહારાજે ગઢડા મધ્ય પ્રકરણ ૩૩ માં વચનામૃતમાં નિષ્કામી વર્તમાનવાળાની વાત કરતાં જણાવેલ છે કે નિષ્કામી વર્તમાનવાળો પ્રભુને અતિશય પ્રિય છે.

# ધનુર્માસમાં ધુન (જપયજ્ઞ)

- વિદ્યાર્થી સાધુ અક્ષરમુનિદાસજી (મૈસૂર)

આપણા સંપ્રદાયમાં અનેક ઉત્સવો ઉજવાય છે. શિયાળાની ઋતુમાં માગશર મહિનામાં સૂર્ય ધન ધનરાશિમાં પ્રવેશે છે તેથી આ સંક્રાંતિના એક મહિનાના સમયને ધનુર્માસ કહેવામાં આવે છે. માગશર માસ એ ભગવાનનું સ્વસ્પ છે, તે ભગવાને ગીતામાં કહ્યું છે કે માસાનાં માર્ગશિર્ષોઽહં, માગશર માસ એ મારૂંસ્વરૂપ છે. (ધનુર્માસમાં તા. ૨૨મી ડીસેમ્બરે સૂર્ય ક્રાંતિવૃતમાં છેક દક્ષિણે પહોંચે છે, તે દિવસ નાનામાં નાનો હોય છે.) આ પવિત્ર સમયે વહેલી સવારે પૂણ્ય કમાવાનો બહુ મહિમા છે. સાધુ-બ્રાહ્મણને બ્રહ્મભોજન કરાવવું, દાન-પુણ્ય કરવું અને ભગવાનનુ ભજન કરવું વગેરે સત્કર્મો ભગવાનના ભક્તો કરતા હોય છે. અને એવો મહિમા છે કે આ સમય દરમ્યાન ભગવાન શ્રીકૃષ્ણ સાંદિપની ઋષિના આશ્રમમાં વિદ્યાભ્યાસ કરવા ગયેલા. તેથી જ આપણાં મંદિરોમાં વહેલી સવારે શ્રીઠાકોરજીને વિદ્યાભ્યાસ કરાવવાનો ઉત્સવ ઉજવવામાં આવે છે અને ‘સ્વામિનારાયણ’ મહામંત્રની ધુન થાય છે. હરિનામ સંકીર્તન એ જપયજ્ઞનો એક પ્રકાર છે. શાસ્ત્રોના પ્રમાણો દ્વારા તે વિશે થોડું જાણીએ.

આપણા ધર્મનું મુખ્ય પ્રમાણ વેદ છે, અને વૈદિક ધર્મનું મુખ્ય લક્ષણ યજ્ઞ છે તેમાં કાંઈ સંશય નથી. આપણા દેશમાં સમય એવો હતો કે જ્યારે સર્વત્ર યજ્ઞ-યાગ થતા હતા. યજ્ઞની શિક્ષા આપતાં ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે કે,

શ્રેયાન્દ્રવ્યમયાદ્યજ્ઞાજ્જ્ઞાનયજ્ઞઃ પરંતપ । ગીતા. ૪ । ૩૩

અર્થાત્ દ્રવ્યમય યજ્ઞ કરતાં જ્ઞાનમય યજ્ઞ શ્રેષ્ઠ છે. તેમાં પણ ‘યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ’ કહીને જપયજ્ઞ (કીર્તનભક્તિ)ને ભગવાને પોતાની ‘વિભૂતિ’ બતાવ્યો છે.

કળિયુગમાં કીર્તનભક્તિને સત્શાસ્ત્રોમાં અતિશય મહત્વ આપેલું છે. વૈદિક પરંપરાને સમાંતરપણે ભારતમાં પ્રવર્તેલી પાંચરાત્ર આગમોની નવધા ભક્તિમાં પણ કીર્તનભક્તિનું મુખ્ય સ્થાન છે.

-: જપયજ્ઞ એટલે શું :-

‘સ્વામિનારાયણ’ મહામંત્રનો મન વડે યથાર્થ જપ કરવો એટલે જપયજ્ઞ. કેવળ મંત્રનું ઉચ્ચારણ કરવું અને જપયજ્ઞ કરવો તે કંઈક અંશે અલગ છે. ભગવાનના નામનો કેવળ જપ એકાગ્રતા રહિત, સમજ્યા વિના, રસ વિના, કુભાવે કે અપવિત્ર દેહે કરવાથી પણ મંત્રની પવિત્રતાને કારણે ફળ અવશ્ય મળશે, તે નિષ્ફળ કે નિરર્થક નહિ થાય, પણ બહુ ઊંચું કે જે એકાગ્રતા સહિત, સમજીને, રસ પૂર્વક, ભાવે અને પવિત્ર દેહે કરવાથી તેમજ આ મંત્રના પ્રભાવથી મળવું જોઈએ તે ફળ ન મળે.

‘સ્વામિનારાયણ’ મહામંત્રનો યથાર્થ જપ કરવા માટે માનસિક ક્રિયાની આવશ્યકતા છે. ‘સ્વામિનારાયણ’ મહામંત્રનો જપ કરતાની સાથે જ ભગવાન સ્વામિનારાયણનું સ્વરૂપ અંતરમાં દેખાવું જોઈએ, મહારાજના ગુણ-કર્મોનું તેમજ જે જે ચરિત્ર કર્યાં હોય તેનું સ્મરણ થવું જોઈએ. મહારાજનું સર્વોત્તમપણું અને પોતાનું અત્યંત અલ્પત્વપણું ધ્યાનમાં આવવું જોઈએ તેમજ ગદ્-ગદ્ કંઠે થઈ જપ કરવો તેને જ ‘જપયજ્ઞ’ કહેવાય છે.

‘સ્વામિનારાયણ’ મહામંત્ર કોઈ સામાન્ય

મંત્ર નથી. અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ ભગવાન સ્વામિનારાયણે પોતાના સ્વમુખે ઉદ્‌ઘોષ કરી સિદ્ધ કરેલો, મહાપવિત્ર, સર્વશક્તિમાન તેમજ અમોઘ ફળ આપનાર મહામંત્ર છે.

આ યજ્ઞ સર્વમાન્ય અને બધા માટે સુગમ છે. કળિયુગમાં અતિશય શ્રેષ્ઠ, બહુકામનો અને કલ્પવૃક્ષ સમાન છે. આ યજ્ઞમાં કોઈ જાતનો ખર્ચ નથી તેમજ જ્યારે ઈચ્છા થાય ત્યારે કોઈપણ ક્રિયામાં આ યજ્ઞ થઈ શકે છે.

-: જપયજ્ઞનું માહાત્મ્ય :-

હરેર્નામ હરેર્નામ હરેર્નામૈવ કેવલમ્ ।
કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા
॥ બૃ.ના.પુ. ૩૮ । ૧૨૭ ॥

બૃહદનારદીયપુરાણમાં જપનું માહાત્મ્ય બતાવતાં ભગવાન વ્યાસ કહે છે કે, આધિ-વ્યાધિ અને ઉપાધિથી ભરેલા આ કળિકાળમાં ભગવાન શ્રીહરિનામ સંકીર્તન વિના આ દુસ્તર સંસાર સાગરથી પાર ઉતરવા બીજું કાંઈ સાધન નથી.

યત્ફલં નાસ્તિ તપસા ન યોગેન સમાધિના ।
તત્ફલં લભતે સમ્યક્ કલૌ કેશવકીર્તનાત્ ॥

તપ કરવાથી, યોગ સાધવાથી તેમજ સમાધિ કરવાથી જે ફળ નથી મળતું, તે ફળ કળિયુગમાં કેવળ શ્રીહરિના નામસ્મરણ માત્રથી પ્રાપ્ત થાય છે.

સંકીર્ત્ય નારાયણ નામમાત્રં, વિમુક્તદુઃખાઃ સુખિનો ભવન્તિ ।

ભગવાન શ્રી સ્વામિનારાયણના નામનું સંકીર્તન કરવાથી જીવાત્મા અપાર દુઃખથી ભરેલા ભવસાગરથી મુક્ત થઈ દિવ્ય સુખનો અધિકારી બને છે.

કેવળ જપયજ્ઞથી જ બધી સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તેમજ સર્વ ધર્માનુષ્ઠાનનું ફળ મળે છે. આ જપયજ્ઞમાં કોઈ કઠિનાઈ, ખર્ચ, મહેનત કે કઠોર નિયમ નથી. બસ સુગમ, સીધો ને સાદો પણ મહાફળ આપનારો યજ્ઞ એટલે 'જપયજ્ઞ'.

'યજ્ઞાનાં જપયજ્ઞોઽસ્મિ' આનાથી વધારે જપયજ્ઞનું માહાત્મ્ય શું હોઈ શકે ? તો ચાલો આપણે આ ઉત્સવના સહભાગી બનીએ. આપણાં ગામના મંદિરમાં, ઘરમાં, શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી માસને સફળ બનાવીએ.

# જગતમાં સાધુ-સંતો પરોપકારી હોય છે

- ડૉ. કાનજી વી. કેરાઈ (કેન્ટન-લંડન)

જગતમાં જો કોઈ પરોપકારી હોય તો એ છે વૃક્ષ, નદી અને સંત કે જેઓ કોઈ પાસે અપેક્ષા રાખતા નથી. પોતે દુઃખ સહન કરે પણ બીજાને તો સુખ આપે, ચંદનની જેમ પોતે ઘસાય પણ બીજાને તો સુવાસ જ આપે. વૃક્ષને પથ્થર મારો પણ તે તો ફળ જ આપશે. નદીમાં ગમે તેટલો કચરો નાખો પણ ક્યારેય ફરિયાદ નહીં કરે પણ શુધ્ધ મીઠું પીવાનું પાણી જ આપશે. તેમ સંત પણ સહન જ કરશે, અને પરોપકાર જ કરશે માટે જ કહ્યું છે કે, સરોવર તરુવર સંતજન, ચોથા વરસે મેહ, પરમાર્થને કારણે, ચારો ધરીયા દેહ.

શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સંતો અને હરિભક્તોને ક્ષમાનો પાઠ બહુ જ પાકો કરાવ્યો છે અને તેના કારણે જ આજે સ્વામિનારાયણ સંપ્રદાય દેશ અને વિદેશમાં ફાલ્યો ફૂલ્યો છે. પ્રસંગ છે. સૌરાષ્ટ્રની ધરતી ઉપર આવેલા સારંગપુર ગામનો. આ ગામ નજીક નદી બન્ને કાંઠે વહેતી હતી. નદીના કિનારે એક વૃક્ષ નીચે શ્રી સ્વામિનારાયણ ભગવાને જેમને પોતાના કારણ સત્સંગની ધર્મપુરા સોંપી હતી તેવા સ.ગુ. ગોપાળાનંદ સ્વામી સંતો સાથે સભા ભરીને બેઠા હતા. જે કોઈ મુમુક્ષુ આવે તેને સૌને સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરાવતા અને સદાચારના પાઠ ભણાવતા હતા. એ જ સમયે વૈરાગી બાવાઓને ખબર પડી કે સ્વામિનારાયણના સાધુઓને ગામમાં પેસવા દેવા નથી. જો તે લોકોને

***********************************

ઉપદેશ આપશે. વ્યસનો છોડાવશે તો આપણે મળતા બીડી, તમાકુ, ગાંજો પણ બંધ કરાવશે.

આથી વૈરાગીઓએ નિર્ણય કર્યો કે આ સાધુઓને માર-મારી ગામમાંથી વહેલી તકે જ તગેડી મુકવા. વૈરાગી બાવાઓનું મોટું ટોળું હાથમાં પથ્થરો અને લાકડી લઈને ઉપડ્યા. નદી તરફ અને નિર્દય રીતે પથ્થરો સભા તરફ ફેંકવા માંડ્યા. સંતો ઘવાયા તેઓ ભાગ્યા અને નદી કાંઠે આવેલી ઘાટી બાવળીમાં સંતાઈ ગયા. છેવટે બાવાઓ થાકીને ગામમાં જતા રહ્યા, સંતોને લાગ્યું કે હવે નીકળવામાં વાંધો નથી. તેથી તેઓ બાવળીમાંથી બહાર નીકળ્યા. પરંતુ તેમના શરીરમાં કાંટા પેસી ગયા હતા. તેથી જમીન ઉપર પગ પણ મૂકી શકાય તેમ ન હતું. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ ગામમાંથી સત્સંગીઓ પાસેથી ચીપિયા મંગાવી બધા સંતોના કાંટા ખેંચાવી કાઢ્યા અને તેની ઉપર રાખ અને રૂ ભભરાવી દબાવી દીધું. ધીમે-ધીમે સૌ ગઢડે શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે પહોંચ્યા. ત્યાં જઈ દંડવત્ પ્રણામ કર્યા. ભગવાને સૌ સંતોના ખબરઅંતર પૂછ્યા ત્યારે સંતોએ સારંગપુરમાં બનેલી ઘટના વિસ્તારપૂર્વક કહી.

ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાને સંતોને પૂછ્યું, ''તમારા કાંટા ગોપાળાનંદ સ્વામીએ કાઢ્યા પણ તમે ગોપાળાનંદ સ્વામીના કાંટા કાઢ્યા કે નહીં ?'' ત્યારે સંતોએ કહ્યું, ''તેમના કાંટા તો અમે કાઢવાના ભૂલી ગયા'' ત્યારે ભગવાને જાતે ચીપિયા વડે સ્વામીના કાંટા કાઢ્યા તો પોણોશેર જેટલા કાંટા થયા. પરંતુ સ્વામી કાંઈ પણ બોલ્યા નહીં. કેવી સહનશીલતા ! પોતાના દુઃખોની પરવા કરી નહીં. બીજા સંતોના કાંટા કાઢ્યા પણ પોતાના કાંટાની કોઈ ફરિયાદ નહીં. આનું નામ જ સહન કરે એ સંત. સંતનું હૃદય કેટલું વિશાળ અને સહનશીલતા અને કરૂણાથી ભરેલું હોય છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને આવા સાચા ક્ષમાવાન સંતોનું ઘડતર કરીને પછી સર્વજીવ હિતાવહ શિક્ષાપત્રીમાં શ્લોક નંબર ૨૦૧ માં લખ્યું છે કે, અમારા સાધુ કે બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું પણ તેની સામે ગાળ ન દેવી ને તેને સામો મારવો નહીં અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતન કરવું પણ તેનું ભૂંડું થાય એવો સંકલ્પ પણ ન કરવો.

અંગ્રેજી લેખક બાઉલ્સ માટે જ કહ્યું છે કે, ''શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના સંતોને દમન કે ત્રાસ આપવામાં આવે તેમનો સામનો કર્યા વગર સહન કરવાનો અને ત્રાસ આપનારાઓ વિરૂધ્ધ-મનમાં જરાપણ ડંખ ન રાખવો અને ઉપરથી તેનું હિત થાય તેવું ચિંતવન કરવાનો આદેશ આપ્યો છે એ એક સ્વામિનારાયણ સંપ્રદાયની એક વિશેષ લાક્ષણિકતા છે'' તો આપણે આવા સાચા સંતોનો મહિમા જાણીએ અને તેમના દર્શન તથા સમાગમનો લાભ લઈને ધન્યભાગી બનીને આપણે પણ પરોપકારી બનવું જોઈએ.

## શ્રી સ્વામિનારાયણ મંદિર – ભુજ–કચ્છ.

શ્રી રાધાકૃષ્ણદેવનો શતવાર્ષિક પાટોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવાનો છે. કથાનો પ્રારંભ સંવત્ ૨૦૬૭, ચૈત્ર સુદ ૧૫, સોમવાર, તા. ૧૮-૪-૨૦૧૧, સમાપ્તિ સંવત ૨૦૬૭, ચૈત્ર વદ ૭, રવિવાર, તા. ૨૪-૪-૨૦૧૧.

આ ઉત્સવ કચ્છના દેશ-વિદેશમાં વસતા હરિભક્તો સાથે મળી ઉજવવાનો છે. અને અમોને અગાઉથી જાણ કરવાનું કારણ એ જ કે વિદેશમાં વસતા હરિભક્તો ઉત્સવમાં પધારવાની વ્યવસ્થા સુગમતાથી કરી શકે. અને આ રાધાકૃષ્ણદેવનો સો વર્ષનો ઉત્સવ આપણે ભાગે આવેલ છે તો તન-મન-ધનથી આપણી શક્તિ પ્રમાણે સેવા કરી ભગવાનને રાજી કરવા એ જ ખરું કરવાનું છે.

લી. મહંત સ્વામી પુરાણી ધર્મનંદનદાસજીના શુભ આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ.

****************************************

મહર્ષી વેદવ્યાસ પ્રણીત

**મહાભારત અંતર્ગત**

# विदुरनीति

દુર્જનોનો આ સ્વભાવ વાદળાં જેવો ચંચળ છે, તેઓ વિના કારણે કોપી ઉઠે છે. અને વિના કારણે રીઝી ઉઠે છે. મિત્રોએ પોતાનો સત્કાર કર્યો હોય તથા કામ કરી આપ્યાં હોય છતાં તેઓ તે મિત્રોનું હિત કરતા નથી, તેઓ કૃતધ્ની છે. તેઓ જ્યારે મરી જાય છે ત્યારે માંસભક્ષક પ્રાણીઓ પણ તેમનાં શબને ખાતાં નથી. ૪૧-૪૨

પોતાની પાસે ધન હોય અથવા ન હોય, તો પણ ઉદાર મનુષ્ય મિત્રનો સત્કાર કરે છે, પણ તેનો સાર મેળવવારૂપ ભેદ જાણવાની ઈચ્છા કરતો નથી. ૪૩

### સંતાપનાં ફળ

સંતાપથી રૂપ, બળ અને જ્ઞાન નાશ પામે છે અને સંતાપથી વ્યાધિ થાય છે. ૪૪

### સુખનો માર્ગ

શોકથી ઈષ્ટ વસ્તુ પ્રાપ્ત થતી નથી, શરીરે બળતરા ઉઠે છે અને શત્રુઓ અતિશય ખુશી થાય છે, માટે તમે શોકમાં મન લગાડશો નહિ. ૪૫

મનુષ્ય મરે છે અને ફરી જન્મે છે, મનુષ્ય હીન થાય છે અને ફરી વૃદ્ધિ પામે છે. યાચના કરે છે અને ફરી બીજા તેની પાસે યાચના કરે છે અને વળી મનુષ્ય બીજાનો શોક કરે છે તથા બીજાઓને પોતાનો શોક કરાવે છે. સુખ - દુઃખ, ચડતી - પડતી, લાભ - હાની અને જન્મ - મરણ, આ જોડકાંઓ અનુક્રમે સર્વને પ્રાપ્ત થાય જ છે. માટે ધીર મનુષ્યે તે સંબંધી ન તો હર્ષ માનવો કે ન તો શોક કરવો. ૪૬-૪૭

પાંચ ઈન્દ્રિયો અને છઠ્ઠું મન એ છ ઈન્દ્રિયો ચંચળ છે. તેમાંથી જે જે ઈન્દ્રિય જેમ જેમ વિષયોમાં આસક્ત થાય છે, તેમ તેમ તે તે ઈન્દ્રિયો દ્વારા પુરુષની બુદ્ધિ નિત્ય પાણી ભરેલા કાણા ઘડામાંથી પાણીની પેઠે ઝરી જાય છે. ૪૮

ધૃતરાષ્ટ્ર બોલ્યા :- લાકડામાં રૂંધાયેલા અગ્નિની પેઠે સૂક્ષ્મ ધર્મથી રૂંધાયેલા યુધિષ્ઠિર રાજા સાથે મેં કપટથી વર્તન કર્યું છે, તેથી તે યુદ્ધ કરીને મારા મૂર્ખ પુત્રોનો અંત આણશે. જેમ આ સર્વજગત ઉદ્વેગ ભર્યું લાગે છે, તેમ મારું મન પણ નિત્ય ઉદ્વેગમાં રહે છે, માટે હે મહામતિ ! જે વાક્યોથી મારું મન પ્રસન્ન થાય તેવું તું મને કહે. ૪૯-૫૦

### શાન્તિનો માર્ગ

વિદુર બોલ્યા :- હે નિષ્પાપ ! જ્ઞાન વિના તપ વિના ઈન્દ્રિયોના નિગ્રહ વિના તેમજ લોભના ત્યાગ વિના તમને શાન્તિ મળે તેમ હું જોતો નથી. બુદ્ધિથી પુરુષ સંસારના ભયને દૂર કરે છે, તપથી તેને મહત્તા મળે છે, ગુરુસેવાથી તેને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. અને ચિત્તવૃત્તિના નિરોધ રૂપી યોગથી તેને શાન્તિ મળે છે. ૫૧-૫૨

આમ શાન્તિ મળે છે, એટલે મોક્ષાધિકારી પુરુષો દાનના તથા વેદાધ્યયનના પુણ્યની કામના રાખતા નથી અને રાગ તથા દ્વેષથી રહિત થઈને પૃથ્વી પર વિચરે છે. સારા અધ્યયનની, સારા યુદ્ધની, સારાં કર્મની તથા સારા તપના અંતે મનુષ્યને સુખ મળે છે. ૫૩-૫૪

### જ્ઞાતિ સાથે વેર કરનારની દશા

હે રાજન્ ! ભેદદષ્ટિવાળાં અને જ્ઞાતિનાં મનુષ્યો સાથે દ્વેષબુદ્ધિ રાખનારા પુરુષો સુંદર બિછાવેલાં શયનોમાં આળોટતાં પણ કદી નિદ્રા પામતા નથી, સ્ત્રીઓના સમાગમમાં પણ પ્રીતિ અનુભવતા નથી અને ચારણોની સ્તુતિઓથી પણ પ્રસન્નતા મેળવતા નથી. એ ભેદદષ્ટિવાળાઓ કદી ધર્માચરણ કરતા નથી. આ જગતમાં સુખ પામતા નથી, ગૌરવ પામતા નથી અને શાન્તિ મેળવી શકતા નથી. ૫૫-૫૬

વળી હે રાજન્ ! એ ભેદદષ્ટિવાળાઓને હિતકારક કહેલું રુચતું નથી, તેમનું યોગક્ષેમ ચાલતું નથી અને અંતે વિનાશ વિના તેમનો બીજે કોઈ આરો નથી. ગાયોમાં દૂધ વગેરે ગોરસની સંભાવના રખાય, બ્રાહ્મણમાં તપની સંભાવના રખાય, સ્ત્રીઓમાં ચપળતાની સંભાવના રખાય અને જ્ઞાતિથી ભયની સંભાવના રખાય. ૫૭-૫૮

મહામુની શતાનંદસ્વામી રચિત

# શ્રી શિક્ષાપત્રી અર્થદીપિકા સારાંશ

स्तेनकर्म न कर्तव्यं धर्मार्थमपि केनचित् ।

सस्वामिकाष्ठपुष्पादि न ग्राह्यं तदनाज्ञया ।। १७।।

અને વળી મારા આશ્રિતો હોય તેમણે, ધર્મકાર્ય કરવાને અર્થે પણ ચોરીનું કર્મ ન કરવું, અને ધણીયાતી જે કાષ્ટ પુષ્પાદિક વસ્તુ, તે તેના ધણીની આજ્ઞા વિના લેવી નહિ.

શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવતાં કહે છે કે- ધર્મને અર્થે પણ ચોરી ન થાય, તો પોતાના કુટુંબના પોષણાદિકને માટે કે પોતા માટે તો ચોરી ક્યાંથી થાય ? ન જ થાય.

ચોરીનું કર્મ એટલે ધણીની હાજરીમાં બળાત્કારે, અથવા તો ધણીની ગેરહાજરીમાં પારકા દ્રવ્યમાત્રનું હરણ કરી લેવું, પારકું દ્રવ્ય લુંટી લેવું તેને કહેવાય ચોરીનું કર્મ, આવું ચોરીનું કર્મ કોઇ ધર્મ સંબંધી કાર્યને માટે પણ કરવું નહિ. કારણ કે ચોરીનું દ્રવ્ય બીજાના અંતઃકરણને ક્લેશ આપીને મેળવેલું હોય છે. અને એ અન્યાયનું કહેવાય છે. માટે એ ચોરીનું દ્રવ્ય ધર્મકાર્ય માટે યોગ્ય જ નથી. નીતિ અને ન્યાયથી પ્રાપ્ત કરેલું દ્રવ્ય હોય એ જ ધર્મકાર્ય માટે યોગ્ય છે.

શતાનંદ સ્વામી સમજાવે છે કે- આપણા મનમાં ક્યારેક એમ થાય જે હું ભગવાનનાં દર્શન માટે મંદિરમાં જાઉં છું, અને આ વસ્તુ પણ ભગવાનને અર્પણ કરવી છે, આમાં આપણને ક્યાં સ્વાર્થ છે, કેવળ ભગવાનને માટે લેવી છે ને ? એમ માનીને કોઇની વાડીમાંથી પુષ્પાદિક વસ્તુ ચોરીને ભગવાનને અર્પણ કરવામાં આવે, તો એ અર્પણ ક્રિયામાં કાંઇ પાપ નથી, એમાં તો પુણ્ય જ છે. પણ એ પુણ્ય તો જેમની વસ્તુ હોય તેમને જ મળે છે. પોતાના ભાગમાં તો પોતે ચોરી કરી, તેનું પાપ જ મળે છે. આ વિષયમાં દાનખંડને વિષે યમસ્મૃતિનું વાક્ય છે. अपहृत्य परस्यार्थं दानं यस्तु प्रयच्छति । स दाता नरकं याति यस्यार्थास्तस्य तत्फलम् ।। इति ।। આ વાક્યનો એ અર્થ છે કે- પારકા દ્રવ્યનું હરણ કરીને દાન આપવું કે કોઇપણ ધર્મસંબન્ધી કાર્ય કરવું, તેમાં બે ક્રિયાઓ થાય છે. એક ક્રિયા પાપરૂપ છે, અને બીજી ક્રિયા પુણ્યરૂપ છે. પારકું દ્રવ્ય ચોરી લેવું એ ક્રિયા પાપરૂપ છે. અને પારકા દ્રવ્ય વડે જે ધર્મસંબન્ધી કાર્ય કરવું, એ ક્રિયા પુણ્યરૂપ છે. પણ એ પુણ્ય જેની વસ્તુ હોય તેના ખાતામાં જમા થાય છે. અને ચોરી કરીને ધર્મકાર્ય કરનાર પુરૂષના ખાતામાં તો પાપ જ જમા થાય છે. પણ પુણ્ય નહિ. માટે મારા આશ્રિતોએ ન્યાયથી મેળવેલા દ્રવ્યથી જ ધર્મસંબન્ધી કાર્ય કરવું, આવો અભિપ્રાય છે.

અને વળી કોઇપણ વસ્તુ ધણીયાતી હોય, એ વસ્તુ તેના ધણીની આજ્ઞા વિના લેવી નહિ. કોઇપણ વસ્તુ પોતાને જોઇતી હોય, તો તેના ધણીની આજ્ઞા લઇને જ લેવી. અને જે વસ્તુનો કોઇ ધણી ન હોય, એવી વસ્તુ લેવામાં કોઇ દોષ નથી. મોટે ભાગે ધણી વિનાની કોઇ વસ્તુ હોતી નથી. વસ્તુનો કોઇ ને કોઇ ધણી હોય છે. કોઇ જંગલ કે પહાડો હોય એ પણ સરકારની હસ્તક હોય છે. તેથી માલિકીની વસ્તુ તેના માલિકની આજ્ઞા વિના લેવી નહિ. અને વળી શાસ્ત્રોમાં કોઇક જગ્યાએ ચોરી કરવાની છૂટ પણ આપેલી છે. જેમ કે- द्विजस्तृणैधपुष्पाणि सर्वतः स्ववदाहरेत् ।। इति ।। આ વાક્યનો એ અર્થ છે કે- ગાયને માટે ઘાસ જોઇતું હોય, યજ્ઞને માટે કાષ્ટ જોઇતાં હોય, અથવા દેવને માટે પુષ્પ જોઇતાં હોય, તો બધી જગ્યાએથી પોતાનું જાણીને લઇ લેવું. આમાં શતાનંદ સ્વામીનો અભિપ્રાય એવો છે કે- પહેલાના સત્યયુગના સમયમાં, કોઇ ગાય માટે ઘાસ લે, કે હોમને માટે કાષ્ટ લે, અથવા દેવને માટે પુષ્પ લે, તેમાં કદાચ કોઇ એમના માલિક બોલતા નહિ હોય. કારણ કે- પહેલાના સમયમાં મોટે ભાગે મનુષ્યો સાત્વિક હતાં, અને ગાય તથા દેવને વિષે ભાવનાવાળાં હતાં. પણ અત્યારના સમયમાં જો કોઇ આ સ્મૃતિને સંભારીને કોઇની વાડીમાં ગાયને માટે ઘાસ કે દેવને માટે પુષ્પ લેવા માટે પ્રવેશ કરે, તો એની શું દશા થાય ? કારણ કે વાડીના માલિકને યજ્ઞનો, દેવનો કે ગાયનો મહિમા ન પણ હોય, તેથી ઝઘડા સિવાય ઘાસ કે પુષ્પાદિક કાંઇ પણ પ્રાપ્ત થાય નહિ. કેવળ કલહ જ પ્રાપ્ત થાય છે. માટે શતાનંદ સ્વામીનો તો અભિપ્રાય એવો છે કે, આ કળીયુગમાં જે કોઇપણ વસ્તુ જોઇતી હોય, તો ધણીને પૂછીને જ લેવી.

*****************************************

# ૐ બૃહદ્વ્રતધરાય નમઃ

- રસિક રા. ગોળવિયા
(સુરત)

સ.ગુ. શતાનંદમુનિએ સત્સંગિજીવન શાસ્ત્રમાંથી ભગવાન શ્રી સ્વામિનારાયણના ગુણ જે અખંડ રહેલા તે ૧૦૮ નામ જનમંગલ સ્તોત્ર નામે સત્સંગીજનોના મંગલ માટે યોજી સત્સંગમાં મુક્યા છે. જેમાં ચૌદમા નંબરનું નામ ૐ બૃહદ્વ્રતધરાય નમઃ એટલે કે અખંડ બ્રહ્મચર્યવ્રતને ધારનારા-પાળનારા, રાખનાર અને પળાવનારા, રખાવનારા એવા પૂર્ણપુરુષોત્તમ પરમાત્મા તમોને હું વંદન કરું છું, નમન કરું છું. બ્રહ્મચર્ય સૌથી શ્રેષ્ઠ તપ છે. જે નૈષ્ઠિક બ્રહ્મચારી છે તેમનામાં દૈવી તેજ અપાર સમાયેલું હોય છે અને તે સર્વત્ર દિગ્વિજયી થાય છે. તેને કદાપિ અપયશ મળતો નથી. આમ રામાયણ, મહાભારત, ભાગવત અને સ્મૃતિશાસ્ત્રોમાં બ્રહ્મચર્યનો અપરિમિત મહિમા કહ્યો છે. ત્યાગીના ધર્મરક્ષણ માટે નિષ્કામધર્મ સંબંધી બ્રહ્મચર્યપાલનના નિયમો આદિકાળથી શાસ્ત્રોમાં લખાયેલા છે.

ભગવાન સ્વામિનારાયણ અને સંપ્રદાયની ભૂમિકા તપાસીએ તો તેના મૂળમાં બ્રહ્મચર્ય પાલનના બીજ ઊંડા રોપાયેલા જોવા મળે છે ને બ્રહ્મચર્ય માટે મનુષ્ય મનથી, વાણીથી, કાયાથી નિરંતર વીર્યની રક્ષા કરે તેને નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત કહ્યું છે અનેતેને શ્રેષ્ઠ તપ કહ્યું છે. બ્રહ્મચર્ય પાળનારને આધ્યાત્મિક ઉણપ ક્યારેય રહેતી નથી માટે તો બ્રહ્મચર્યને ઉત્કૃષ્ટ તપ કહ્યું છે. તેથી કોઈ મોટી તપશ્ચર્યા નથી અને શ્રીહરિ પૂર્ણજીવનકાળ દરમ્યાન અખંડ બ્રહ્મચર્ય વ્રતને પોતે તો પાળ્યું પણ તેમના યોગમાં આવેલ કોઈપણ પછી પુરુષ હોય કે સ્ત્રી તેમણે પણ સારધાર પાળીને ઉદાહરણ પુરું પાડ્યું છે જે ભૂતકાળમાં સારધાર બ્રહ્મચર્ય વ્રત કોઈ સ્ત્રીઓએ પાળ્યું હોય તેવા દાખલા જવલે જ મળે છે. જે આપણા સંપ્રદાયમાં ઘણાં જ મળે છે.

શ્રીહરિ નિલકંઠવર્ણીએ શાસ્ત્રો દ્વારા સાંભળેલું કે વીર્ય તો પરસેવા દ્વારા નીકળી જાય છે પછી તો ઘનશ્યામપ્રભુ વીર્યને ઉર્ધ્વ રાખવાને સારું બે પ્રકારની જળબસ્તી શીખ્યા હતા અને કુંજર ક્રિયા શીખ્યા હતા. કામને જીતવા સારું કેટલાંક આસનો પણ શીખ્યા હતા અને રાત્રે સૂતા ત્યારે પણ ગોરખ આસન કરીને સૂતા જેથી સ્વપ્નમાં પણ વીર્યનો પાત ન થાય અને કામ જીત્યાનું એવું સાધન શરીરમાં પરસેવો જ ન નીકળે અને ટાઢ તડકો લાગે નહીં (વચનામૃત) માટે બ્રહદ્વ્રતધરાય નમઃ.

પોતે સાક્ષાત પુરુષોત્તમ નારાયણ હોવા છતાં ભક્તોની શિક્ષાને અર્થે પોતે પાળીને કારણકે પોતાનો અવતાર દ્વિજકુળમાં અને સાધુરૂપે હોય ને પોતે જ આચરીને પછી બીજાને અનુસરવા પ્રેરણા કરી. તેથી તો વન-વિચરણ વખતે ચોમાસામાં એક પગે ઊભા રહીને સતત ૪ મહિના સુધી સૂર્યનારાયણની સ્તુતિ કરી તપ કર્યું. તેથી સાક્ષાત્ મૂર્તિમાન સૂર્યનારાયણ હાજર થયા અને બોલ્યા, હે હરિ, આપની ઈચ્છા હોય તે માંગો અમો તો તમારા દાસ છીએ પણ અમારી પાસે માંગવારૂપ જે તમારા મનુષ્યચરિત્ર છે તેમાં અમને મોહ ન થાય તે હું માગું છું. (સૂર્યનારાયણ કહે) પછી સૂર્યનારાયણની પાસે પોતે સર્વેશ્વર હોવાછતાં આપણને શીખ આપવા માટે સૂર્યદેવ પાસે માંગે છે પણ તે નથી માંગતા ધનસંપત્તિ કે આયુષ્ય કે ઈન્દ્રાસન કે વિદ્યા પણ જગતને કાયમ બોધ આપવા માટે એક વસ્તુની માંગણી કરે છે અને તે છે નિષ્કામવ્રતની દઢતા અને અખંડિતતા. આવી નિષ્કામવ્રતની દઢતા માંગી. જે પોતે નિષ્કામવ્રતધર નાયક હોવાછતાં આ વરની નમ્ર યાચના કરેલી છે.

આથી તો સ.ગુ. શતાનંદમુનિએ ૐ બૃહદ્વ્રતધરાય નમઃ ને અનુમોદન આપતા બીજાબે ગુણો જે સદાય શ્રીહરિમાં હતા તે પણ ૧૦૮ નામમાં સમાવ્યા છે. નંબર ૧૯ - ૐ જીતેન્દ્રિયાય નમઃ એટલે કે સર્વે ઈન્દ્રિયોને વશ કરનાર એવા પ્રભુ આપને નમન કરું છું અને પોતે સત્સંગમાં ભક્તો એવા તૈયાર કરેલા કે સારધાર બ્રહ્મચર્યવ્રત પાળ્યા છે તે માટે ઉદાહરણરૂપે

***************************************

તેઓ વાંકીયાવાળા રાજબાઈ બ્રહ્મચર્યની મૂર્તિ હતાં.

સ્વયં પુરુષોત્તમ નારાયણ હોવાછતાં પોતે તો સારધાર બ્રહ્મચર્યવ્રત પાળીને બતાવ્યું છે પણ પોતાના યોગમાં આવેલા સ્ત્રી-પુરુષો ભક્તોની શિક્ષાને માટે સ્ત્રી-પુરુષના સંસર્ગ મર્યાદાના બીજ પ્રથમ લોજમાં આવી પોતે સ્થિર થઈને રહ્યા કે તરત જ આશ્રમના સંતો સ્ત્રી-પુરુષોની સભા ભેગી કરતા તે અલગ કરાવેલી અને આશ્રમ અને ગૃહસ્થના ઘર વચ્ચે વસ્તુ દે તેવા આપલેનો ગોખલો (દિવાલમાં છીદ્ર) હતું તે બંધ કરાવ્યું. કારણ કે તે ગોખલો દિવાલમાં છીદ્ર નહીં પણ ધર્મમાં છીદ્ર છે. ત્યાગીના ધર્મ ભ્રષ્ટ થવા સંભવ છે. તેમ બંધ કરાવેલ. આ કાર્ય બ્રહ્મચર્યવ્રતને અનુમોદન આપે છે.

મહારાજનું મંતવ્ય એવું હતું કે ત્યાગીએ સાધુપુરુષ સારધાર બ્રહ્મચર્યવ્રત પાળવું જોઈએ કારણ કે ગમે તેવો સજ્જન કે પંડિતની સીધા ઈના ગુણ હોય તો પણ નિષ્કામધર્મમાં ખામી હોય તો તેના ગુણમાત્ર દોષરૂપ થાય છે અને ખાસ આજ્ઞા પણ કરી છે કે બ્રહ્મચર્યવ્રતનું ખંડન થતું હોય તો તેવું વચન ગુરુનું પણ ન માનવું. કારણ કે એકાંતિક ધર્મના પાયામાં નિષ્કામ ધર્મ રહેલો છે. (સત્સંગીજીવન ૪/૬૩/૪/૫૦ અને શિક્ષાપત્રી)

નિષ્કામી ભક્તની સેવા અમને ગમે છે તેમ કહી નિષ્કામી ભક્તોના નામ આપી વખાણ કરેલ છે અને તે માટે વચનામૃતમાં ગ.મ. ૩૩ માં સ્વયં કહેલું છેકે ભક્ત સાથે સંબંધનું એક અગત્યનું કારણ એ જે ભક્તને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તેને આ લોકમાં પરલોકમાં કોઈ ઠેકાણે છેટું રહેતું નથી અને અમારે તેના ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થતું નથી.

બ્રહ્મચર્ય પાળનાર મહારાજને બહુ જ ગમતા તેના ઉદાહરણરૂપે ભડલીના ભાણ ખાચર-દાદાના વિરોધી હતા છતાં બ્રહ્મચર્ય પાળતા હતા. તેથી અંતે તેને તેડવા મહારાજ ગયેલા. જોગીદાસ ખુમાણે ભૂલથી સ્ત્રી સામુ જોવાઈ ગયેલું. તે ગઢડા આવેલા. તેમણે તેના આંખમાં તે પ્રાયશ્ચિત માટે ચટણી આંજેલી તે વાત સંતોની રૂબરૂ કરાવેલી. તદુપરાંત અલૈયા ખાચર ભલે માની હતા, સંતોનું અપમાન કરતા પણ બ્રહ્મચર્યને લીધે તેમને તેડવા પધારેલા. આ વાતો ઉપરથી ખ્યાલ જરૂર આવશે કે બ્રહ્મચર્યવ્રત મહારાજને કેટલું વહાલું અને પ્રથમ હશે ?

ભગવાન શ્રી સ્વામિનારાયણ ૐ બૃહદ્વ્રતધરાય નમઃ કેટલું સાર્થક કર્યું છે તે વાચનામૃતોમાં અનેક વાતોમાં જાણવા મળે છે. ગ. પ્ર. ૩૩ નું એક વાક્ય લઈએ મહારાજ કહેતા કે અમો જન્મ્યા ત્યારથી આજ દિવસ સુધી દ્રવ્ય કે સ્ત્રીનો ભૂંડો ઘાટ સ્વપ્રમાં પણ થયો હોય તો અમોને સમગ્ર પરમહંસોના સમ છે. કસમ ખાઈને પ્રતીતિ લાવવા પણ આપણને બતાવ્યું છે. માટે ૐ બૃહદ્વ્રતધરાય નમઃ.

મહારાજ કહેતા કે આધ્યાત્મિક ઉણપ એટલે બ્રહ્મચર્યવ્રતનો ભંગ એટલે કે નિષ્કામધર્મનો લોપ. એટલે તો પાંચસો પરમહંસ પણ તે સમયમાં બે હજાર સંતો ૩૦૦ થી વધારે પાર્ષદો ૧૦૦ થી વધારે બ્રહ્મચારીવર્ગ અને હજારે હજારો ગૃહસ્થ નરનારી ભક્તો શ્રીહરિના યોગથી કૃપાથી ઉપદેશથી સારધાર કાયિક, વાચિક અને માનસિક રીતે બ્રહ્મચર્યવ્રતથી સારધાર પાળીને બતાવ્યું છે. જે આજ સુધી આટલો મોટો સમૂહ કે સ્ત્રી સમાજે અખંડ બ્રહ્મચર્યવ્રત પાળ્યું હોય તેવા દાખલા જરૂર છે પણ ઘણાં જ ઓછા એમા સ્ત્રી વર્ગ તો માત્ર તે વખતે નામનો જ. જ્યાં શ્રીહરિના સમયમાં અને આપણાં સંપ્રદાયમાં આજેપણ હજારે હજારો સાધુ-સંતો, પાર્ષદો, બ્રહ્મચારીઓ, સ્ત્રીપુરુષ ગૃહસ્થ ભક્તો અખંડ બ્રહ્મચર્ય વ્રતને ધારી રહ્યા છે. આવા બૃહદ્વ્રતધરાય નમઃ એવા સહજાનંદ સ્વામી એવા ભગવાન શ્રી સ્વામિનારાયણને કરોડો કરોડો નમન હો.

છેલ્લે શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે કોઈ નિષ્કામ વ્રતનો લોપ કરે તેને જોઈને અમારું સુખ શ્યામળું થઈ જાય છે. આ શબ્દો મહારાજનું બૃહદ્વ્રતધરાયનું મોટામાં મોટું ઉદાહરણ છે અને સમગ્ર જીવન દરમ્યાન શ્રીજી મહારાજે જાગૃત કે સ્વપ્રમાં પણ વીર્યનું સ્ખલન ન થયું હોય તેમજ કામ સંબંધી કોઈ પ્રકારના ભૂંડા સંકલ્પ જ ન થાય તેવું વર્તીને સિધ્ધ કરીને બતાવ્યું માટે બૃહદ્વ્રતધરાય નમઃ.

**********************************

- લે. જોધાણી રમીલા
(ભક્તિનગર)

## 'જાઓ, સાધુ થઈ જાઓ'

સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં સુંદર ત્રણ શિખરનું મંદિર કર્યું. નરનારાયણદેવની સ્થાપના કરી. બધાને ઈચ્છા થઈ કે ભૂદેવોને જમાડો. બ્રાહ્મણોની ચોરાસી કરો. ભૂદેવોની ચોરાસી નક્કી થઈ. મહારાજે કહ્યું કે કાલે જ કરીએ. પ્રભુ કહે ભૂદેવો ! તૈયારી કરવી એ અમારી જવાબદારી, લાડુ જમવા એ તમારી જવાબદારી. એ વખતે લાલદાસ ગોરા બાજુમાં બેઠેલા હતા. મહારાજે કહ્યું, લાલદાસભાઈ, તમારી પાસે કેટલા રૂપિયા છે ? મહારાજ ! સાત હજાર રૂપિયા છે. તો અમારે ચોરાસી કરવી છે. અમને ઉછીના જોઈએ છે આપશો ? મહારાજ આપી દઉં પણ ઘરવાળાંને પૂછવું પડે. બહેનો વિચારજો. આપણને આવું થાય ખરું ?ગોરાભાઈની વાત સાંભળી પ્રભુએ કહ્યું કે અત્યારે જ જાઓ પૂછી આવો. ધર્મના કામમાં ઢીલ નહીં. લાલદાસભાઈ ઘરે આવ્યા અને પત્નીને કહ્યું, મહારાજ આપણી પાસે સાત હજાર રૂપિયા માંગે છે શું કરવું ? આપી દો આપી દો એમાં શું પૂછવાનું ? તમે તો મારો ફજેતો કર્યો. પૂછવાનું હોય ? સાત હજાર રૂપિયા આપી દો અને ઘર જોઈતું હોય તો ઘર આપી દો ''જાઓ સાધુ થઈ જાઓ'' કેવી નિષ્ઠાવાન તે બહેન હશે ? પછી સાત હજાર રૂપિયા આપી દીધા. કોથળીઓ ભરીને મહારાજ પાસે મૂકી. એ પૈસામાંથી ખરીદી કરી અને જયજયકાર સાથે બ્રાહ્મણોની ચોરાસી થઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ પણ ખૂબ રાજી થયા. હજારો ભૂદેવો લાડુ જમ્યા. સૌને આનંદ થયો. બહાર ગામથી આવેલા ભક્તોએ મહારાજ પાસે ભેટ મૂકી. બ્રાહ્મણો રૂપિયા ગણવા માંડ્યા. ભેટમાં કેટલા આવ્યા ! બરાબર ગણી હિસાબ કર્યો અને કહ્યું મહારાજ ! સાત હજારને ઉપર એક રૂપિયો આવ્યો. પછી લાલદાસ ગોરાને બોલાવી મહારાજે કહ્યું. આ સાત હજાર રૂપિયા લો અને રૂપિયો વ્યાજનો લઈ લ્યો. લાલદાસભાઈએ ના પાડી પણ પ્રભુની આજ્ઞા માનીને પાંચ હજાર લીધા અને બે હજાર અને એક રૂપિયો નરનારાયણદેવને અર્પણ કરી દીધા. એ વખતે તો હજાર રૂપિયા કાઢવા મોટું કામ હતું.

ધન્ય છે. લાલદાસભાઈની ધર્મપત્નીને. નહીંતર બહેનો બ્રેક મારે. અરે ! આટલા બધા રૂપિયા આપી દેવાય ? પણ લાલદાસભાઈના પત્નીએ કહ્યું કે આપી દો બધું જ આપી દો. કેવાં તે સમર્પણ અને ભક્તિભાવવાળાં તે બહેન કહેવાય !

---

## અહંતા-મમતા માનવીને ભગવાનથી દૂર લઈ જાય છે.

- લે. રમણ ગજ્જર (ભુજ)

એમ કહેવાય છે કે, માનવીને પ્રેમ-મમતાની ઘણી ભૂખ હોય છે. માનવ-માનવ મમતાના દોરથી બંધાયેલા હોય છે. અને તે મમતા માનવીના જીવનનું ઔષધ પણ ઘણી વખત બને છે.

શ્રધ્ધા, વાત્સલ્ય, અનુરાગ, મૈત્રી અથવા ચાહ અને ઝનૂન કે પ્રેમનું પાગલપન, ઉત્કટતા જેને પ્રેમાંધતા પણ કહેવામાં આવે છે તે પાંચ ભાગમાં માનવીની મમતાને વહેંચી શકાય છે.

આજકાલ માનવીની એક-બીજાની વચ્ચેની મમતા-પ્રેમમાં સ્વાર્થ ભળતો જાય છે. અને તેથી જ કહે છે કે સગાં સૌ સ્વાર્થના.

પરિવાર, સગા-સંબંધી અને મિત્રો વચ્ચેનો આ સ્નેહ, પ્રેમ-મમતા ક્યારેક આપણને ભગવાન ભજવામાં આડખીલીરૂપ બને છે. આવી મમતા રાખનાર ભક્તોને મુક્તિ મળતી નથી.

ભગવાને કહ્યું છે કે, ''સંબંધીઓના

****************************************

સ્નેહપાશથી બંધાયેલો મોક્ષને માટે યોગ્ય થતો નથી.'' ધર્મશાસ્ત્રો લખે છે કે, અહંતા અને મમતા માનવીના અધ:પતનનું કારણ પણ બને છે.

તેથી જેમણે શ્રીહરિ સાથે પતિવ્રતાની-પ્રેમલક્ષણા ભક્તિ કરવી છે તેમણે દેહાદિકમાં પણ મમતા ન રાખવી અને સગાં-સંબંધીમાં પણ એટલી બધી મમતા ન રાખવી કે આપણો મોક્ષ બગાડી નાખે. જેની પાસે અહંતા-મમતા છે. તેમનાથી ભગવાન દૂર જ રહે છે. અને તેમને જન્મ-મરણના ચક્કરમાંથી મુક્તિ મળતી નથી.

તેથી શ્રી સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રી શ્લોક ૧૦૨ માં જણાવ્યું છે કે ''દેહને વિષે અહંબુધ્ધિ ન કરવી અને સ્વજનાદિકને વિષે મમતા ન કરવી.''

દેહની જરૂરી ચીજવસ્તુઓમાં પણ જ્યારે માણસને મમતા જાગે છે, ત્યારે તેનું જન્મ-મરણ ટળતું નથી. પોતાની પાસે જે કંઈ હોય તે સર્વસ્વ શ્રીહરિના ચરણોમાં સમર્પિત કરી દેનાર ભક્તને શ્રીહરિ પોતાના ધામમાં લઈ જાય છે.

મમતાની શરૂઆત 'વાહ' થી થાય છે અને તેનો અંત ''આહ'' માં આવે છે. તે હંમેશાં યાદ રાખવું જોઈએ. માટે જો અમર પ્રેમ-મમતા જોઈતી જ હોય તો માત્ર શ્રીહરિને જ પ્રેમ કરો. પ્રેમ-મમતામાં એક એવી તાકાત રહેલી છે કે ભગવાનને પણ તેનાથી વશ કરી શકાય છે. માટે મમતાથી વિજાતીયપાત્રોને વશ કરવાના બદલે ''ભગવાન''ને વશ કરવા સારા. વિજાતીયપાત્રોને પ્રેમ-મમતા કરીને વહેલા કે મોડાં દુ:ખી થવાનું છે. પણ શ્રીહરિને પ્રેમ કરવાથી સદાય સુખમાં જ આળોટવાનું છે. શું કરવું ? તે આપણે નક્કી કરવાનું છે. જય શ્રી સ્વામિનારાયણ.



## શ્રીહરિનાં સ્વરૂપમાં રહેલા દિવ્ય ગુણ : વાત્સલ્ય ગુણ

- ભરતભાઈ એસ. મજેઠીયા (ભુજ)

વાત્સલ્ય : મોટા વડીલોને નાના પ્રત્યેનો નિરપેક્ષ નિર્દોષ અને નિસ્વાર્થપણે વાત્સલ્ય સ્વરૂપે અતિશય વેગવંતો સ્નેહભાવ તેને વાત્સલ્ય કહે છે.

જેમ કે મા-બાપને પોતાના વહાલસોયા બાળક ઉપર તથા ગાયને પોતાના વાછરડા પર જે સ્નેહનો અતિરેક જણાય છે તેને વાત્સલ્ય કહેવાય છે.

વાત્સલ્યમાં સામાના કોઈ દોષ, ખામી, સ્વભાવ કે અવળા તે અતિ સ્નેહના ઉછાળામાં દેખાતા જ નથી. જેમ સાગરની ભરતીમાં પડેલ પહાડ જેવો પથ્થર પણ ડૂબી જાય છે ને દેખાતો જ નથી. એટલું જ નહીં પણ ઉલ્ટાનું સામાનાં દોષ અવગુણ પણ ગુણરૂપ દેખાય છે.

ભગવાનને પણ પોતાના ભક્ત પર એથી અનંતગણું વાત્સલ્ય વર્તે છે.

મગ્નીરામે શ્રીહરિ સામે અતિ ઉગ્રતાથી વિરોધાત્મક વર્તન કર્યું મારી નાખવા સુધીના પ્રયત્નો કર્યા પણ જ્યારે શરણે આવ્યો ત્યારે સાધુ કરી શરણે રાખ્યો, આગલા કોઈ અપરાધ લેશપણ સ્મૃતિમાં આવ્યા નથી.

ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિ પણ પરમહંસો દૂર દેશ ફરીને જ્યારે આવી રહ્યા છે તેવું સાંભળતાં જ દોટ મૂકતા ભેટી પડતા, મારા સંતો માટે શું કરું ? તેવા વાત્સલ્યભાવમાં ભ્રમિત થઈ જતાં,

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી શ્રીહરિના વાત્સલ્યભાવને વર્ણવા લખે છે.

''પોતાના જાણી નવ પરહરે,
કરે પ્રિતે કરી પ્રતિપાળ
અવગુણ ન જુએ અર્ભના,
જેમ જનની જાળવે બાળ,
પશુ પંખી નર નિર્જર,
સહુ સૂતને પાળે સદાય,
તેમ શ્રીહરિકૃષ્ણ કરે,
સેવક જનની સાય''

**********************************************

- શા. અજેય સ્વામી (ભાવનગર)

# પૂર્ણ પુરુષોત્તમનું શ્રી પુરુષોત્તમ કવચ

(માસ ઓક્ટોબર-૨૦૧૦નું અનુસંધાન)

ॐॐॐ दक्षिण कर तर्जन्याम्

ॐ नं ॐ दक्षिणकरमध्यमायाम्,

ॐ मः ॐ दक्षिणकराडनामिकायाम्,

ॐ श्रीं ॐ दक्षिणकरकनिष्ठकायाम्,

ॐ पुं ॐ वामकरकनिष्ठिकायाम्,

ॐ रुं ॐ वामकराडनामिकायाम्,

ॐ षों ॐ वामकरमध्यमायाम्,

ॐ त्तं ॐ वामकरतर्जन्याम्,

ॐ मां ॐ वामकराडङगुष्ठे,

ॐ यं ॐ दक्षिणकराडङ्गुष्ठे,

હવે હૃદયાદિ અંગન્યાસ કહે છે.

ॐकारं हृदये, ॐ श्रीकारं मूर्ध्नि, ॐ हकारं भ्रुवोर्मध्ये, ॐ रकारं शिखाायाम्, ॐ येकारम् नेत्रयोः, ॐ नकारं सर्वसन्धिषु, ॐ मकारम् अस्त्राय फट् ईति दिग्बन्धे न्यसेत

આ રીતે ન્યાસ કરવાથી ભક્તજન મંત્રમૂર્તિ બની જાય છે. ૧૩. ॐ श्री हरये नमः विसर्गे सहित फट् જેના છેડે છે એવા આ મંત્રથી દિગ્બંધન કરે. હવે પછી એકાગ્ર મનથી હૃદયમાં આ શ્રીહરિનું ધ્યાન કરવું. ૧૪. अथ ध्यानम् જે મુક્તોની સભામાં નિરંતર વિરાજે છે. મેઘના સમાન શ્યામ વર્ણના ઘનશ્યામ છે, સોનેરી વસ્ત્ર અને સોનાના અલંકારોને ધારી રહ્યા છે, એવા શ્રી પુરુષોત્તમ ભગવાનનું હું મારા હૃદયમાં ધ્યાન કરું છું. ૧૫. અત્યંત ચમકતા ભાલા અને બરછીઓ હાથમાં લઈને ઘોડે સવાર થયેલ શ્રી સોમલા ખાચર અને શ્રી દાદા ખાચર આદિ પાર્ષદોથી ચારે બજુ વીંટાયેલા અને માણેકવર્ણી માણકી ઘોડી ઉપર વિરાજેલા ભગવાન પુરુષોત્તમ શ્રીહરિ મારી સંપૂર્ણ રીતે રક્ષા કરો. ૧૬. શ્રી સ્વામિનારાયણ ભગવાન મારું અંતઃશત્રુઓથી રક્ષણ કરો. શ્રીકૃષ્ણ ભગવાન અસુરોથી મારું રક્ષણ કરો. સર્વનિયંતા, ધર્મપુત્ર શ્રીહરિકૃષ્ણ મહારાજ સમગ્ર અધર્મસર્ગથી મારી રક્ષા કરો. ૧૭. ભક્તિનંદન શ્રીહરિ પોતાની ભક્તિમાં વિઘ્ન કરનારા મનુષ્યથી મારી સદાય રક્ષા કરો. શ્રી નિલકંઠ પ્રભુ મારી રાત-દિવસ રક્ષા કરો અને શ્રી નારાયણમુનિ મારી પ્રાતઃ અને સાયં બન્ને સંધ્યા સમયે રક્ષા કરો. ૧૮. સ્વાભાવિક આનંદરસઘનમૂર્તિ શ્રી સહજાનંદ સ્વામી સમગ્ર દુઃખથી મારું રક્ષણ કરો. શ્રી ભક્તિધર્માત્મજ વાસુદેવ નાશવંત અને દુઃખથી ભરેલા સુખથી મારી રક્ષા કરો. ૧૯. ઉદાર-સર્વોત્તમ જેના દર્શન છે એવા ઘનશ્યામ (શ્રીહરિ), મદોદ્ધત મનરૂપી હાથીથી મારી રક્ષા કરો. સર્વ અવતારનું કારણ એવા શ્રીહરિ, એકાંતિક ધર્મના આચરણમાં રહેતા પ્રમાદથી મારું રક્ષણ કરો. ૨૦. નરે સહિત નારાયણ, વનમાં હિંસક પ્રાણીઓના ટોળાંથી મારી રક્ષા કરો. શ્રી લક્ષ્મીનારાયણ પ્રભુ, હું તેમનો દાસ છું, માટે દરિદ્ર અને મૂર્ખ મનુષ્યથી મારી રક્ષા કરો. ૨૧. શ્રી ગોપીનાથજી મહારાજ, પાણીમાં જળજંતુઓ-પ્રાણીઓથી અને વરુણના પાશથી મારી રક્ષા કરો. રાધારમણદેવ મારી સર્વ સ્થળોમાં રક્ષા કરો અને સત્પુરુષોના સ્વામી શ્રી રાધાકૃષ્ણદેવ મારી આકાશમાં રક્ષા કરો. ૨૨. શ્રી મદનમોહનજી મહારાજ, દુર્ગમ સ્થાનોમાં અને અરણ્યમાં - ભવાટવીમાં મારી રક્ષા કરો. શ્રી બળદેવજીની સાથે રહેલા શ્રીકૃષ્ણ (રામકૃષ્ણ) રણસંગ્રામમાં મારી રક્ષા કરો. શ્રી રણછોડરાજ મારી બધી જાતના કરજથી રક્ષા કરો અને વરાહ આદિ બધા અવતારો, માર્ગમાં મારું રક્ષણ કરો. ૨૩. શ્રી હનુમાનજી મહારાજ બધા જ ગ્રહોના સમુદાયથી રક્ષા કરો અને શ્રી વિઘ્નરાજ ગણપતિદેવ સમગ્ર વિઘ્નોથી મારી રક્ષા કરો. શ્રી રામપ્રતાપજી મહારાજ મારું નરક યાતનાથી રક્ષણ કરો અને શ્રી ઈચ્છારામજી મહારાજ દયા કરીને અભિચારાદિ ઉગ્રધર્મથી મારી રક્ષા કરો. ૨૪. આચાર્ય શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ અસદ્‌બુધ્ધિ અને કળિયુગથી મારી રક્ષા કરો. આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ, દેહાસક્તિ અને વિષયી મનુષ્યના સંસર્ગથી મારી રક્ષા કરો. ૨૫. શ્રીમુકુંદાનંદવર્ણી કામરૂપી સિંહ-ગર્જનાથી મારું રક્ષણ કરો અને શ્રીજયાનંદ બ્રહ્મચારી લોભદોષથી રક્ષણ કરો. શ્રી શતાનંદ સ્વામી ક્રોધથી અને શ્રીમુક્તાનંદ સ્વામી દુર્જનના સંગથી મારું રક્ષણ કરો. ૨૬. શ્રીગોપાળાનંદ સ્વામી દેહાભિમાનથી અને શ્રી

બ્રહ્માનંદ સ્વામી કુસંગથી મારું રક્ષણ કરો. શ્રી નિત્યાનંદ સ્વામી દેહઆદિમાં સ્નેહની આસક્તિથી અને શ્રી ચૈતન્યાનંદ સ્વામી પ્રમાદથી મારું રક્ષણ કરો. ૨૭. શ્રી આનંદાનંદ સ્વામી રસાસ્વાદથી, શ્રીસ્વરૂપાનંદ સ્વામી મદથી અને શ્રી પ્રેમાનંદ સ્વામી વિષાદ (ખેદ)થી મારું રક્ષણ કરો. શ્રીવ્યાપકાનંદ મુનિ મરણથી, શ્રીકૃષ્ણાનંદ મુનિ અને શ્રીકૃપાનંદ સ્વામી મારું મોહથી અને મૂઢતાથી રક્ષણ કરો. ૨૮. શ્રીશુકાનંદ સ્વામી દંભથી અને શ્રીનૃસિંહાનંદ સ્વામી દેવતાઓના અપરાધથી મારી રક્ષા કરો. શ્રી સચ્ચિદાનંદ સ્વામી, ભગવાનના વિયોગથી અને શ્રી ગુણાતીતાનંદ સ્વામી મારું કાળથી રક્ષણ કરો. ૨૯. શ્રી નિષ્કુળાનંદ સ્વામી માયિક વિષયભોગથી અને શ્રીસ્વયંપ્રકાશાનંદ સ્વામી શબ્દાદિ પંચ વિષયમાં રાગથી મારી રક્ષા કરો. શ્રી મહાનુભાવાનંદ સ્વામી નીચયોનિની પ્રાપ્તિ (અધોગતિ) થી અને શ્રીશિવાનંદ સ્વામી અજ્ઞાનથી મારું રક્ષણ કરો. ૩૦. શ્રીવાસુદેવાનંદ વર્ણી ખરાબ સ્વભાવથી શ્રી નારાયણાનંદ વર્ણી ભગવાનની ભક્તિમાં વિઘ્નથી મારું રક્ષણ કરો. શ્રી આનંદાનંદવર્ણી બ્રહ્મરાક્ષસાદિ ભૂતોથી અને શ્રી વૈકુંઠાનંદવર્ણી કુબુધ્ધિથી મારું રક્ષણ કરો. ૩૧. શ્રીઆત્માનંદ સ્વામી, શ્રીહરિના વચનલોપથી, શ્રીઅદ્‌ભુતાનંદ સ્વામી સંસારસાગરથી, શ્રી પરમાનંદ સ્વામી પાપી મનુષ્યના સંસર્ગથી અને શ્રીયોગાનંદ સ્વામી દુરાગ્રહથી મારું રક્ષણ કરો. ૩૨. શ્રી અક્ષરાનંદ સ્વામી ભગવદ્ ભક્તોના અપરાધથી, શ્રીગોવિંદાનંદ સ્વામી શક્તિપંથીના સંગથી, શ્રીજ્ઞાનાનંદ સ્વામી શુષ્કજ્ઞાનીના સંગથી, શ્રી સર્વજ્ઞાનાનંદ સ્વામી, નાસ્તિક અને કુંડાપંથીના સંગથી મારી રક્ષા કરો. ૩૩. શ્રીભજનાનંદ સ્વામી અધર્મી વૈદ્યથી, શ્રીદેવાનંદ સ્વામી ધર્મવિરુધ્ધ બબડાટથી, શ્રી ભગવાનંદ સ્વામી ખરાબ વાદવિવાદથી અને શ્રીભૂધરાનંદ સ્વામી અતિવાદથી મારી રક્ષા કરો. ૩૪. સર્વ સંતો અને બ્રહ્મચારીઓ, મૂર્છા, છળ, રોગ, ઘડપણ, માનસી પીડા, મત્સર, નિદ્રા, નિંદા, વિપરીતભાવના, દ્રોહ, અસૂયા અને મિથ્યા ભાષણ આદિથી મારી રક્ષા કરો. ૩૫. શ્રી હેમંતસિંહ (ઝીણાભાઈ), શ્રીસોમલા ખાચર, શ્રી દાદાખાચર, શ્રીસૂરા ખાચર, શ્રીજીવા ખાચર, શ્રીમાંચા ખાચર, શ્રીકાકાભાઈ, શ્રીપુંજાભાઈ, શ્રીનાજા જોગીયા, શ્રીગોવર્ધનભાઈ, શ્રીપર્વતભાઈ, શ્રીભીમભાઈ, શ્રીકાશીદાસ, શ્રીઆંબા શેઠ, શ્રીભોજભાઈ, શ્રીકુબેરજી, શ્રીનાથભક્ત, શ્રીવસ્તા ખાચર, શ્રીનંદુભાઈ, શ્રીશિવા યાજ્ઞિક, શ્રીનથ્થુ ભટ્ટ, શ્રીવેણીભાઈ, શ્રીવિષ્ણુભાઈ, શ્રીપ્રતાપસિંહ, શ્રીએભલ ખાચર, શ્રીજોબન પગી, શ્રીમયારામ ભટ્ટ ઈત્યાદિ સમગ્ર શ્રીહરિના એકાંતિક ભક્તો ભગવાન સિવાયની બીજી વાસનાથી મારું રક્ષણ કરો. ૩૬.૩૭. શ્રીભગુજી, શ્રીરતનજી, શ્રીવીરાજી, શ્રીકુબેરજી, શ્રીઅલૈયા ખાચર, શ્રીભીમ ભક્ત, શ્રીકેશવજી, શ્રીલખાજી, શ્રીઅર્જુન ભક્ત, શ્રીકેસરીસિંહ અને શ્રીઘેલા ધાધલ આદિ શ્રીહરિના સહુ પાર્ષદો સર્વ દિશાઓમાં મારી રક્ષા કરો. ૩૮. આ રીતે સર્વશ્રેષ્ઠ આ પુરુષોત્તમ કવચ બધા જ પાપને નાશ કરનારું છે અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિને આપનારું છે. ૩૯. સર્વ ઉપદ્રવોને મટાડનારું અને શ્રીહરિના અક્ષરધામમાં પહોંચાડનારું છે, આ લોકમાં ભોગ અને છેવટે મોક્ષને આપનારું છે અને ઈચ્છિત સિધ્ધિને આપનારું છે. ૪૦. માનસી પીડા તથા રોગને ટાળનારું, શુભકાર્યમાં તત્કાળ વિજય આપનારું, ધન, યશ અને આયુષ્ય દેવાવાળું છે તથા કાળના ત્રાસને નિવારનારું છે. ૪૧. આ પુરુષોત્તમ કવચને કોઈ મનુષ્ય પ્રેમથી ધારણ કરે, આદરથી સાંભળે કે પાઠ કરે, તો તેને મનુષ્યો અને દેવતાઓ પણ વંદન કરે છે અને તે સર્વ પ્રકારના ભયથી છૂટી જાય છે. ૪૨. બધી જાતના સુખનું કારણ, ભક્તોની પીડાને નાશ કરનારું અને શુભ એવું આ પુરુષોત્તમ કવચ ત્યાગી ગૃહસ્થ સહુએ આ દુનિયામાં કોઈપણ ભય પ્રસંગ આવે ત્યારે આદરબુધ્ધિથી ધારવું. ૪૩. હે રાજન્ ! આ રીતે સદ્‌ગુરુ શ્રેષ્ઠ શ્રી અખંડાનંદ-વર્ણીએ વાઘા ખાચરને પ્રકટ શ્રીહરિના ભક્તોને સુખકારી આ શ્રી પુરુષોત્તમ કવચ કહ્યું છે, તે ભગવાનના સર્વ ભક્તોએ સાંભળવાલાયક અને પાઠ કરવા લાયક છે, માટે ભગવાનના ભક્તને આ પુરુષોત્તમ કવચ કહેવું પણ ભગવાનના જે દ્વેષી હોય તેને ન કહેવું. (સંપૂર્ણ)

**************************************

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા અને સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિ વડીલ સંતોના માર્ગદર્શન સાથે કોઠારી મંડળે કરેલી વ્યવસ્થા અનુસાર કથાપારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## :: હરિભક્તોની સામાન્યસભા ::

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સભામંડપમાં તા. ૨૪-૧૧-૧૦, સવારે ૯ વાગતાં કચ્છના સમસ્ત હરિભક્તોની સભા યોજવામાં આવી હતી. સભા સમક્ષ ભુજ મંદિર તથા તેની સાથે સંલગ્ન સંસ્થાઓના ગત વર્ષના હિસાબો રજુ કરવામાં આવ્યા, જેને સભાએ સર્વાનુમતે બહાલ રાખ્યા હતા.

સભાની શરૂઆતમાં સ.ગુ. સ્વામી રામસ્વરૂપદાસજીએ શિક્ષાપત્રીનાં તથા વચનામૃતનાં શ્રી સહજાનંદ સ્વામીનાં મંગલકારી અમૃતવચનોનું શ્રવણ કરાવ્યું. પ.પૂ. મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના પ્રમુખપદે મળેલી આ સભામાં સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પ.પૂ. જાદવજી ભગત આદિ વડીલ સંતો, ભુજ, અંજાર, માંડવી વગેરે મંદિરોના તથા ગુરુકુળોના નાના-મોટા સંતો, મંદિરના ટ્રસ્ટીશ્રીઓ વગેરે હોદેદારો, પ.ભ. લક્ષ્મણભાઈ રાઘવાણી વગેરે અગ્રણી મહાનુભાવો તેમજ ગામગામના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

સભાની કાર્યવાહીનું સંચાલનકર્તા શા. સ્વામી ભક્તિપ્રિયદાસજીએ સભાનું પ્રયોજન ભુજ મંદિરના તથા ભુજ મંદિર સંચાલિત સંલગ્ન સંસ્થાઓના ગત હિસાબી વર્ષના આવક-જાવકના હિસાબો રજુ કરવાનું જણાવ્યુ.

ત્યારપછી શ્રી રાજુભાઈ દવેએ ગત સામાન્યસભાની મિનિટનું વાચન કરી મહા-મહોત્સવના સ્મરણોને તાજાં કરતાં શ્રીહરિએ કચ્છભરનાં જળાશયોને છલકાવી દેતી વૃષ્ટિ દ્વારા જનસમાજના હૈયાં આનંદથી છલકાવી દીધાં તેની યાદ આપી હતી.

ત્યારપછી મંદિરના કોઠારી પ.હ.ભ. પ્રેમજીભાઈ કેસરા રાઘવાણીએ શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ તથા મંદિર હેઠળ ચાલતી સંલગ્ન સંસ્થાઓ સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન નં. ૨-ભુજ, શ્રી સ્વામિનારાયણ ઔષધાલય-ભુજ, શ્રી સ્વામિનારાયણ ગૌશાળા-ભુજ, શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દિ મેડિકલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ-ભુજ, શ્રી સ્વામિનારાયણ સંસકારધામ-માંડવી, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-ગાંધીધામ, શ્રીહરિ તપોવન ગુરુકુળ-રામપર વેકરા, શ્રી સહજાનંદ ગુરુકુળ-માનકુવા, શ્રી સ્વામિ. ઉચ્ચ માધ્યમિક કેળવણી મંડળ-ભુજ, શ્રી સ્વામિ. ગુરુકુળ-રાપર (વાગડ), શ્રી સ્વામિ. વિશ્રાંતિ ભુવન-વિલેપાર્લે-મુંબઈ, શ્રી સ્વામિ. વિશ્રાંતિ ભુવન-અમદાવાદ, શ્રી કચ્છ સત્સંગ સ્વામિ. વિશ્રાંતિ ભુવન-ગામદેવી મુંબઈ, શ્રી સ્વામિ. વિદ્યાર્થી નિવાસ-ભુજ, શ્રી સ્વામિ. ગુરુકુળ-નારાણપર, શ્રી સ્વામિ. કન્યા વિદ્યા મંદિર તથા છાત્રાલય-ભુજ મળીને એકંદર ૧૭ સંસ્થાઓના ગત વર્ષના આવક-જાવકના હિસાબો વિગતવાર રજુ કર્યા.

માનનીય કોઠારી શ્રી પ્રેમજીભાઈએ હિસાબો રજુ કર્યા પછી કોઈપણ હરિભક્ત ભાઈએ હિસાબો સંબંધી કાંઈપણ પૂછવું હોય તો તેમને પોતાની રજુઆત કરવા જણાવ્યું હતું. સભામાંથી કોઈ સવાલ ન આવતાં તમામ સંસ્થાઓના હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી

સ.ગુ. શ્રીહરિસ્વામીએ ઉદ્‌બોધન કરી સત્સંગ સમૈયો, ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણ, રાધિકાજી સહિત ભગવાનનાં દર્શન, ગામગામના સહકારથી ઠાકોરજીને રાજી કરવા છે વગેરે ચર્ચા કરી હતી.

પ.પૂ. મહંતસ્વામીએ સમાપન પ્રવચનમાં આશીર્વાદ સાથે જણાવ્યું કે કોઈપણ હરિભક્તને હિસાબો અંગે કોઈ પ્રકારે શંકા રહેતી તોય તો ટ્રસ્ટીમંડળને મળી સ્પષ્ટતા મેળવી વિગત સમજી લેશો. મનમાં શંકા ન રહેવી જોઈએ. સ્વામીશ્રીએ નરનારાયણદેવના મહામહોત્સવના અભૂતપૂર્વ સમૈયાની સર્વત્ર થયેલી શુભ ચર્ચા અને મળતા સંદેશાઓ તથા ગુજરાતમાંથી પધારેલા ૯૦૦ જેટલા સંતોએ મહામહોત્સવની તથા કચ્છના સંતોની એકતાની પ્રશંસાની વિગતો આપી, દાતા તથા સેવાભાવી હરિભક્તોએ બજાવેલી ઉત્તમસેવાની પ્રશંસા કરી સૌને ધન્યવાદ સાથે આશીર્વાદ આપ્યા હતા. વધુમાં જણાવ્યું કે નવ દિવસનો સમૈયો અને હમીરસર તળાવ નવ વખત ઓગનાયું. તેમાં એકવાર તો દિવાળી પછી પણ ઓગનાયું. એવું અત્યાર સુધીમાં કોઈવાર બન્યું નથી !

શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજનો શતાબ્દિ મહોત્સવ વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ઉજવવા ટ્રસ્ટીમંડળે કરેલા વિચારની જાણકારી આપવામાં આવી ત્યારે સભાએ એ વાતને તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી. પ.પૂ. મહંતસ્વામીએ એક મહત્ત્વની વાત એ કરી કે મહામહોત્સવ વખતે યોજવામાં આવેલ મેડિકલ કેમ્પમાંથી વધેલી રકમ અને તે સાથે હરિભક્તો સાથે રહીને સેવા આપે તો એમ.આર.આઈ. મશીન ખરીદ કરી કચ્છી લેવા પટેલ મેડિકલ હોસ્પિટલ ભુજને આપી શકાય. આ મશીનથી હૃદય, મગજ, ફેફસાં જેવા અવયવોનો આંતરિક ટેસ્ટ કરી શકાય છે, પરિણામે કચ્છના આ અવયવોના દર્દીઓને ભુજમાં જ સારવાર મળી શકે.

ત્યારબાદ સર્વે હરિભક્તોને શ્રી નરનારાયણદેવનો મહાપ્રસાદ લેવા આજ્ઞા જાહેર કરી ધુન બોલાવી તે સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

### :: શ્રી ઘનશ્યામ બાલિકામંડળ તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવતી મંડળબહેનોની વક્તૃત્વ સ્પર્ધા ::

ભુજ બહેનોના શ્રી સ્વામિનારાયણ મંદિરે તા. ૨૮-૧૧-૧૦, રાત્રે ૮ વાગ્યે બહેનો માટે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની કાર્યવાહી સાં.યો. નીતાબહેન તથા સાં.યો. અનીતા બહેન ગુરુ ધનબાઈ (ભુજ) એ કરી હતી અને બહેનોને સ્પર્ધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા.

સ્પર્ધામાં બાલિકામંડળ વિભાગ (૫ થી ૧૨ વર્ષની વય) માટે 'મારા દેવ મારું મંદિર' વિષયમાં પ્રથમક્રમે મીલોની ભાવેશભાઈ ઠક્કર, બીજા ક્રમે સ્વાતિ ઘનશ્યામભાઈ ગોર અને ત્રીજા ક્રમે કૃપલ પરબતભાઈ વરસાણી તથા સાવિત્રી ચતુરભાઈ ચૌહાણ રહ્યા હતા. (૧૩ થી ૨૦ વર્ષની વય) માટેના 'આપણા જીવનમાં મંદિરનું મહત્ત્વ' યુવતી મંડળ વિભાગમાં અસ્મિબેન ડી. ગોરે પ્રથમ ક્રમ, કિંજલબહેન સોમપુરાએ બીજો ક્રમ અને ઊર્વિબેન કૈલાસભાઈ પઢારીયા તથા ડાલીબેન અરવિંદભાઈ ઠક્કરે ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો.

મહિલા મંડળ વિભાગ (૨૧ થી ઉપરની વય) માટેના 'મારી નજરે સ્વામિનારાયણ સંપ્રદાયમાં બહેનોનું સ્થાન' અથવા 'મહિલા ઉત્કર્ષમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું યોગદાન' વિષયમાં દિવ્યાબેન ઘનશ્યામભાઈ ગોર પ્રથમ, હેતલબેન રસિકભાઈ જોબનપુત્રા બીજા અને ચેતનાબેન ઠક્કર ત્રીજા ક્રમે આવ્યાં હતાં.

સાં.યો. નાનબાઈ (માનકુવા) એ સ્પર્ધાના નિર્ણાયક તરીકે સેવા આપી હતી. યજમાન પ.હ.ભ. ગીતાબેન જયેશભાઈ સોનીએ એકથી ત્રણ નંબર સુધી આવેલ બહેનોને ઈનામો આપી પ્રોત્સાહન આપ્યું હતું.

### :: ત્રણ દિવસની કથા પારાયણ ::

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધ (ભક્તિશાસ્ત્ર) ની ત્રણ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું. કથાના યજમાનપદનો લાભ પ.હ.ભ. નટવરલાલ ગફુરભાઈ પટેલ (ખંભાતવાળા)એ લીધો અને ભગવદ પ્રીત્યર્થે યજમાનપદે રહી શ્રીહરિને રાજી કરી

સંતોના આશીર્વાદ મેળવી શ્રોતા હરિભક્તોને ભક્તિનું અમૃત છલકાવતી ભક્તિકથાના શ્રવણનો લાભ આપ્યો હતો.

કથાના વક્તાપદેથી પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા વિદ્યાર્થી સ્વામી અક્ષરમુનિ દાસજીએ તા. ૩૦-૧૧-૧૦ થી તા. ૨-૧૨-૧૦ સુધી કથા પ્રસંગોનું ભાવવાહી શૈલીમાં રસપાન કરાવ્યું. ગોપીઓની શ્રીકૃષ્ણ પરમાત્મા પ્રત્યેની ઉત્કટ અને નિર્વ્યાજ પ્રેમભક્તિની ભાવનાને સરળભાષામાં સમજાવી હતી.

પ.પૂ. મહંતસ્વામી સ.ગુ. ધર્મનંદન દાસજીએ કથા સમાપ્તિ પ્રસંગે આશીર્વાદ ઉદ્‌બોધન સાથે યજમાનોને પહેરામણી ભેટ આપી હતી. યજમાનશ્રીએ આરતી ઉતારી ધુન બોલાવી તે પછી પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.

## :: પંચાહ્ન પારાયણ ::

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે તા. ૩-૧૨-૧૦ થી તા. ૭-૧૨-૧૦ સુધી ભાઈઓના તથા બાઈઓના એમ બન્ને મંદિરોમાં સ.ગુ. ભૂમાનંદ સ્વામીએ રચેલ 'શ્રી ઘનશ્યામ લીલામૃત સાગર' કથા શાસ્ત્રનું કથા પારાયણ યોજવામાં આવ્યું.

કથાના યજમાનપદનો પ.ભ. કરસનભાઈ મનજી હીરાણીએ લાભ લઈ શ્રીહરિ પ્રત્યેની પોતાની ભક્તિભાવના અભિવ્યક્ત કરી.

કથાપ્રસંગે ૧૦૮ સંહિતાપાઠનું આયોજન કરવામાં આવ્યું તથા તા. ૫-૧૨-૧૦ ના રોજ પાંચ મંડળ ભરવામાં આવ્યાં.

તા. ૬-૧૨-૧૦ ના સવારભાગમાં કથાને વિરામ આપ્યા પછી પ.પૂ. મહંતસ્વામીએ કથામાં આવતા ઘનશ્યામલીલાના પ્રસંગોને અનુલક્ષી કરેલા ઉદ્‌બોધન સાથે યજમાન પરિવારને આશીર્વાદ આપ્યા હતા તેમજ કોઠારી સ્વામી શાન્તિસ્વરૂપ દાસજીની સૂચિ અનુસાર યજમાન પરિવારને ફૂલહાર પહેરાવી સન્માન સાથે પહેરામણી ભેટ આપી હતી. યજમાન પરિવાર તરફથી પણ સંબંધીજનોને પહેરામણી ભેટ આપવામાં આવી હતી.

તા. ૭-૧૨-૧૦ ના મંદિરના ગોર મહારાજે યજમાનો પાસે ઉત્તરપૂજન તથા વક્તાશ્રીનું પૂજન કરાવ્યું. તે પછી આરતી અને પ્રસાદ સાથે કાર્યક્રમ પૂરો થયો હતો.

## :: પવિત્ર ધનુર્માસમાં પ્રાતઃકાલે મહામંત્રની ધુન્ય ::

તા. ૧૭-૧૨-૧૦ ના સૂર્યદેવે ધનરાશીમાં પ્રવેશ કરતાં ધનુર્માસની શરૂઆત થઈ. તા. ૧૪-૧-૧૧ ના સૂર્યદેવ મકર રાશીમાં પ્રવેશ કરતાં મકરસંક્રાંતિ થશે અને ધનુર્માસની સમાપ્તિ થશે. મંદિરમાં દરરોજ સવારે બ્રહ્મનિષ્ઠ સંતોની ઉપસ્થિતિ સાથે 'સ્વામિનારાયણ' મહામંત્રની ધુન મચાવી વિશાળ સંખ્યામાં હરિભક્તો ભગવાનને રાજી કરી રહ્યા છે.

ઘનશ્યામ પ્રભુ વહેલી સવારે આશ્રમમાં ગુરુજી પાસે વિદ્યા ભણવા જાય છે એટલે મંગળા આરતી ૫:૧૫, શણગાર આરતી ૬:૧૫ અને રાજભોગ ૭:૧૫ વાગતાં થાય છે. ઘનશ્યામ પ્રભુ અભ્યાસમાં પ્રથમ ક્રમે રહી ગુરુજી તથા માતપિતા સહકુટુંબવર્ગને આનંદ પમાડી રહ્યા છે. ધર્મશાસ્ત્રોના અભ્યાસમાં વિશેષ પ્રેમ બતાવે છે.

## :: વચનામૃત જયંતી ::

માગસર સુદ ૧૪, ગુરુવારે શ્રીજી મહારાજનાં આધ્યાત્મિક માર્ગ બતાવનાર અને જીવનું કલ્યાણ કરનાર મોક્ષદાયી અમૃતવચનોથી સમૃધ્ધ એવા અમૂલ્ય 'વચનામૃત' શાસ્ત્રની જયંતી ઉજવવામાં આવી. મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ શણગાર આરતી પછી નરનારાયણદેવ સમક્ષ સુવર્ણ બાજઠ ઉપર રેશમી આસન ઉપર પધરાવેલા 'વચનામૃત' ગ્રંથનું પુષ્પ, સુગંધ દ્રવ્યો, પુષ્પમાળા વગેરેથી પૂજન કરી આરતી ઉતારી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ દર્શનનો લાભ લીધો.

- અહેવાલ : ઓ. વ્યાસ

**********************************************

# શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજનું આરોગ્યક્ષેત્રે એક વધુ કદમ

સમાજમાં સત્સંગ સાથે સ્વાસ્થ્યની ચિંતા કરનાર શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં માતાપિતા, ગુરુ, રોગી, દુઃખી માણસની સેવા કરવાનો આદેશ કર્યો છે. ભુજ મંદિરના અ.નિ. મહંત શા. સ્વામી ધર્મજીવનદાસજીએ આ આજ્ઞાનું પાલન કરી સને ૧૯૭૨ માં ભુજમાં આપણા દેશની પ્રાચીન પધ્ધતિ પ્રમાણે આયુર્વેદિક દવાખાનું ચાલુ કરેલું છે. જે આજે ચાલુ છે અને ભુજ તથા આસપાસના રોગીજનો તેનો લાભ લઈ રહ્યા છે.

હાલના સમયમાં કેટલાંક નવાં-નવાં દર્દો તેમજ ઓપરેશન વગેરે માટે આધુનિક સાધનોવાળી હોસ્પિટલોની આવશ્યકતા ઊભી થવાથી ભુજ મંદિર માનકુવા જેવાં સ્થળોએ ચાલતી તેવી હોસ્પિટલોને આર્થિક સહયોગ આપેલ હતો.

ત્યારબાદ ભુજ મંદિરે સને ૧૯૯૨ થી મેડિકલ કેમ્પ યોજીને મેડિકલ સેવાનું કાર્ય શરૂ કર્યું. તદનુસાર સને ૨૦૧૦ માં ભુજ શ્રી નરનારાયણદેવ નૂતન મંદિર મહોત્સવ પ્રસંગે ''રોગમુક્ત કચ્છ'' અભિયાન અંતર્ગત ''શ્રી નરનારાયણદેવ મેડિકલ કેમ્પ-૨૦૧૦'' એ નામથી અબડાસા, વાગડ, ભુજ, નખત્રાણા એ આદિક સમગ્ર કચ્છને આવરી લેતા વિસ્તારોમાં ૮ (આઠ) મેઘા મેડિકલ કેમ્પ યોજ્યા. આ કેમ્પોમાં બધા મળીને ૩૬,૦૦૦ (છત્રીસ હજાર) દર્દીઓએ લાભ લીધો.

દરેક કેમ્પમાં આંખ, કીડની, હૃદય વગેરે અવયવોના દર્દીઓને કોઈપણ જાતના ભેદભાવ વગર વિનામૂલ્યે સારવાર આપવામાં આવી. ડોકટરી નિદાન પ્રમાણે જરૂરીઆતવાળા દર્દીઓને ખાસ હોસ્પિટલોમાં ૫૦,૦૦૦ (પચાહ હજાર)થી માંડીને અઢી ત્રણ લાખ જેટલો ખર્ચ લાગે, તે મંદિરે આપ્યો, જેનો લાભ સામાન્ય અને ગરીબદર્દીઓ માટે આશીર્વાદસમો નીવડ્યો.

મંદિર તરફથી કરવામાં આવતી આ સેવા જોઈને સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞાનું સ્મરણ કરી ધનાઢ્ય હરિભક્તોએ આ સેવાકાર્યમાં પોતાનો ઉદાર દિલથી સહયોગ આપ્યો. પરિણામે મેડિકલ કેમ્પ સહયોગનો આંકડો ૫ કરોડ ૪૩ લાખથી ઉપર પહોંચ્યો. આ સહયોગથી કીડની, હૃદય, બાયપાસ જેવાં ભારે ખર્ચાળ ઓપરેશનોનું કાર્ય ભુજ, રાજકોટ, મુંબઈ અને અમદાવાદની સ્ટર્લિંગ જેવી હોસ્પિટલમાં નિષ્ણાત ડોક્ટરોની દેખરેખ હેઠળ થયું.

મેડીકલ કેમ્પ શરૂ થતાં પૂર્વે તે અંગે મળેલી બેઠકમાં પ.પૂ. મહંતસ્વામી ધર્મનંદનદાસજીએ કેમ્પનું કાર્ય પૂર્ણ થયા પછી એમ.આર.આઈ. (MRI) મશીન લેવાની જાહેરાત કરેલી. મગજ, હૃદય, કીડની જેવા અવયવોની આંતરિકસ્થિતિ તપાસીને નિદાન કરવા માટે આ આધુનિક મશીન ખૂબ જ ઉપયોગી છે. આ મશીન વસાવવામાં આવે તો કચ્છના હરિભક્ત સત્સંગીઓને બહાર જવાની, મુશ્કેલીઓ ભોગવવાની અને ખોટા ખર્ચમાં ઉતરવાની હાલાકી ભોગવવી ન પડે. આ મશીન લઈને કચ્છી લેવા પટેલ સમાજ સંચાલિત માતુશ્રી મેઘબાઈ પ્રેમજી જેઠા હોસ્પિટલ-ભુજને આપવું, જેથી મંદિર તરફથી મેડિકલ ક્ષેત્રની આ સેવાનો લાભ અવિરત ચાલુ રહે.

- અહેવાલ : તંત્રી

## :: અગત્યની સૂચના ::

- ❖ સમાચાર ટૂંકમાં અને મુદ્દાસર લખવા.
- ❖ એક ફૂલસ્કેપ પેઈઝથી વધુ લખાણ હોવું જોઈએ નહીં. આ વાતની તકેદારી રાખવી.
- ❖ સંસ્થાએ સમાચાર લેટરપેડ પર લખીને મોકલવા.
- ❖ સમાચારમાં બિનજરૂરી વર્ણન અને વધુ પડતા નામ લખવા નહીં.
- ❖ તા. ૨૦ સુધીમાં મળી જાય તે રીતે સમાચાર મોકલવા.
- ❖ ધાર્મિક માસિક હોઈ સમાચારો મોકલવા જેથી અમો ન્યાય આપી શકીએ. - તંત્રી

# સત્સંગ સમાચાર

## કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોની ૭ મી શિબિર

પ.પૂ. મહંતસ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી સમગ્ર કચ્છ સત્સંગના યુવાનો માટે તા. ૨૬ થી ૨૮ નવેમ્બર ૨૦૧૦ સુધી ત્રિદિવસીય ૭ મી શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ. મહંતસ્વામી આદિ વડીલ સંતોના આશીર્વાદ યુવાનોને સાંપડ્યા હતા.

શિબિરાર્થીઓને પ્રાતઃપૂજાથી માંડી ચેષ્ટા સુધીના દરેક કાર્યક્રમો દ્વારા યુવાનોને સત્સંગમાં ઓતપ્રોત રાખ્યા હતા. જેમાં પ્રાતઃ પૂજા, પ્રોજેક્ટર દ્વારા પ્રેઝન્ટેશન ગમી જાય એવી રમતો, સત્સંગના આખ્યાનો, સંપ્રદાયના પ્રમુખ શાસ્ત્રોમાં ભક્તચિંતામણીનું સમૂહ ગાયન જેવા આયોજનો યુવકમંડળના સક્રિય સંતો શા. સ્વામી ગોલોકવિહારી દાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી, શા. સ્વામી દેવચરણદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી આદિ સંતોએ કરેલાં હતાં. જ્યારે યુવાનોની વ્યવસ્થા શા. સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી તથા પાર્ષદ ખીમજી ભગતે ગોઠવી હતી.

દરેક શિબિરમાં યુવાનોને ગ્રુપમાં અને ક્લાસમાં જ્ઞાન આપવામાં આવે છે જેથી યુવાનો જ્ઞાન ગ્રહણ સહેલાઈથી કરી શકે. આ વખતની શિબિરનો મુખ્ય મુદ્દો 'નિષ્ઠા' હતો અને આ વ્યવસ્થા મહારાજે આપને આપી છે કે તમે તમારા દેશમાં રહીને સત્સંગ કરજો અને બીજાને કરાવજો. જ્યારે અત્યારે આ બાબતે થોડી ઉણપ દેખાય છે તેથી યુવાનોને વાકેફ કરવામાં આવ્યા હતા અને સત્સંગમાં ચડતી અને પડતી થાય છે તેમાં પણ વચનામૃતના સંદર્ભ દ્વારા સત્સંગમાં આગળ વધવાની ભલામણો કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ.પૂ. મહંતસ્વામી શિબિરમાં પધારી યુવાનોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને સત્સંગમાં આગળ વધો તથા શ્રી નરનારાયણદેવને વિષે નિષ્ઠાવાન બનવા ભલામણ કરી હતી. જો આપણા જીવનમાં એક દેવ પ્રત્યે નિષ્ઠા હશે તો કોઈપણ કરેલા સંકલ્પો સિધ્ધ થશે. સાથે પ.પૂ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પ.પૂ. સ્વામી કેશવપ્રસાદદાસજી, પાર્ષદ કોઠારી જાદવજી ભગત પણ પધાર્યા હતા.

શિબિરમાં પુ. સ્વામી હરિદાસજી તથા પુ. સ્વામી સ્વયંપ્રકાશદાસજી તેમજ પુ. સ્વામી હરિબળ દાસજી તથા પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા પુ. સ્વામી મહાપુરુષદાસજી આદિ વડીલ સંતોએ પધારી શિબિરાર્થીઓને સત્સંગમાં આગળ વધવા ભલામણ કરી હતી. શિબિરમાં સંસ્કૃતનો અભ્યાસ કરતા વિદ્યાર્થી સંતો પણ જોડાયા હતા અને શિબિરનું સ્થળ શ્રીહરિ તપોવન ગુરુકુળ ગંગાજી રાખવામાં આવ્યું હતું.

આ શિબિરમાં જે-જે યુવાનો આવ્યા તે બધાયને ખૂબ જ આનંદ આવ્યો અને કેટલાક તો આ શિબિરમાં પહેલીવાર આવેલા પણ પોતે જો આ શિબિરમાં ન આવત તો કેટલું બધું જીવનમાંથી ગુમાવત ? એવી લાગણી વ્યક્ત કરી હતી. મારા જીવનમાં જે પૂજામાં અધુરાશ હતી તે હવેથી અધુરાશ નહીં રાખું અને નિયમિત પ્રાતઃપૂજા કરવાનો સંકલ્પ કર્યો હતો. - નારાણ ભુવા

રાત્રિ સંત-સમાગમના કાર્યક્રમમાં જે મોટા સંતો પાસેથી વાતો સાંભળી અને તેમાંથી જે શીખ્યા તે હંમેશાં મળતું રહે અને સંતોનો સમાગમ કરવાથી જ જીવનમાં ધાર્મિકતા અને જીવનમાં અપૂર્ણતા ઘટે

છે અને ભગવાન પ્રત્યે પ્રેમ પ્રગટે છે - ડાયાણી ભરત

પોતાથી મહારાજના આપેલાં સત્સંગીના પંચવર્તમાનમાંથી ભુલ થયેલી પણ હવે આવા વર્તમાનો જ્યાંથી જેના પ્રસંગથી લોપાઈ શકે છે તેવી વ્યક્તિનો સંગ ન કરવાની વાત જીવનમાં વણી હતી.-મિતેશ પટેલ.

શિબિરમાં જાણે નૂતન મંદિર મહોત્સવનો આનંદ તાજો થયો. અનેક ગામોના યુવાનો સાથે રહેવાનો મોકો મળ્યો. ઘણા બધા નવા સત્સંગીમિત્રો થયા બસ આજ તો કરવાનું છે કે સતસંગીઓ-સત્સંગીઓમાં પરસ્પર પ્રેમ વધે તે મળ્યું - અરવિંદ વેકરીયા.

નિષ્ઠાના પ્રેઝન્ટેશન દ્વારા મારા જીવનમાં નવો પ્રાણસંચાર થયો છે. આજે લોકો મંદિરમાં જાય છે પરંતુ સંતોનો સમાગમ નથી એટલે મંદિરમાં બિરાજતા દેવ તથા સત્સંગની પ્રણાલિકાથી અવગત થતા નથી. જેથી દિવસો જતાં સત્સંગમાંથી પડી જાય છે માટે જીવનમાં ભગવાન મેળવવા હોય તો સાચા સંતનું શરણું આવશ્યક છે - કિશોર કાબરીયા.

પોતાના જીવનમાં બનેલી વાતને સ્વીકારું છું કે સત્સંગી સત્સંગમાંથી પડવાનો થાય ત્યારે તેને પ્રથમ સત્સંગીમાત્રનો અવગુણ આવે અને પછી સત્સંગમાંથી પડી જાય છે અને આ શિબિરમાંથી મને મારી ભૂલ સુધારવી છે અને સુધારીશ. સંતો જેમ કહેશે તેમ મારા જીવનને મહારાજને અર્પણ કરીશ - હાર્દિક પટેલ.

મહારાજનું વાક્ય જે નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમપ્રકાશમાં લખ્યું છે -

"કહે સહુ સહુને દેશે રહેજો રે,
સારો સહુને ઉપદેશ દેજો રે,
તમને માનસે પૂજસે જેહ રે,
મોટા સુખને પામશે તેહ રે"

આ વાક્ય આચાર્ય મહારાજ અને સંતો માટે છે તે જ આપણે માટે હોવું જોઈએ. બસ આપણે શ્રીનારાયણદેવના આજથી હું આ પ્રમાણે સમજીને ચાલવાનો દ્રઢ સંકલ્પ કરું છું - શૈલેષ પટેલ

આ શિબિરમાંથી જાણવા મળ્યું કે જ્યાં સુધી સંત સમાગમ ન હોય ત્યાં સુધી સત્સંગમાં સમજણ ક્યારેય આવતી નથી. એટલે સંતો અને ભક્તો સાથે કેવું હેત કરવું તે આ શિબિરમાંથી જાણ્યુ. - રમેશ રાબડીયા.

વ્હાલા સત્સંગિભક્તો ! યુવાનો ! ભુજ મંદિર દ્વારા પ.પૂ. મહંતસ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી દર વર્ષે એક પ્રાંતીય આવાસીય શિબિર યોજાય છે. જેમાં માનવતા તેમજ જીવનનું ધ્યેય શું હોવું જોઈએ આવી બાબતોથી અવગત કરાવાય છે અને દરેક કેન્દ્રોમાં દર સપ્તાહે સત્સંગસભા થાય છે. તેમાં તમે પણ અચૂકસભામાં હાજરી આપો અને જયારે શિબિરનું આયોજન થાય ત્યારે તમે પણ ભાગ લો. દેશમાં કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને વિદેશમાં શ્રી સ્વામિનારાયણ યુવક મંડળના નામે યુવાનોને સત્સંગના સંસ્કારોથી અવગત કરાવવામાં આવે છે. પછી યુ.કે. હોય કે આફ્રિકા કે ઓસ્ટ્રેલિયા. દરેક જગ્યાએ યુવાનો-યુવતીઓ શ્રી નરનારાયણદેવના નેજા હેઠળ પ.પૂ. મહંતસ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી સત્સંગ કરે છે અને સંતો તે તે દેશમાં જઈ સત્સંગનો લાભ આપે છે.

ઈ-મેઈલ **yuvak@ bhujmandir.org** તમે પણ જોડાઈ શકો છો. જેમાં સમય-સમય પ્રમાણે સત્સંગની માહિતીથી અવગત કરાવવામાં આવે છે.

- અહેવાલ : સ્વામી સંતસ્વરૂપદાસજી

## વિલેપાર્લે-મુંબઈ : તુલસીવિવાહ

શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાની સાથે ભુજ મંદિરના મહંત પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ તેમજ સંચાલક સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ્વામી ઘનશ્યામવલ્લભ દાસજી તેમજ સ્વામી ઘનશ્યામસેવકદાસજીની દેખરેખ હેઠળ ચાલતા શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભવનમાં તા. ૨૧-૧૧-૧૦, કાર્તિક સુદ પુનમને

દિવસે ભવ્ય તુલસીવિવાહનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

વરપક્ષના લક્ષ્મીબેન નોંધા માલા ખુથીયા તેમજ તેમના પુત્રો કુંવરજીભાઈ, ખીમજીભાઈ, શાંતિલાલ ભાઈ આદિ પરિવારે યજમાનપદ સ્વીકાર્યું હતું.

કન્યાપક્ષના લક્ષ્મીબેન પોપટભાઈ પુંજા નીશર તેમજ તેમના પુત્રો તલકશીભાઈ, કીર્તિભાઈ આદિ પરિવારે મળી યજમાનપદ શોભાવ્યું હતું.

બેન્ડપાર્ટીના સથવારે ભગવાનનો વરઘોડો મંદિરના પટાંગણમાં આવીને લગ્નના મંડપમાં પહોંચી વિધિપૂર્વક બ્રાહ્મણો દ્વારા લગ્ન યોજાયાં હતાં. આવા સમયે દેવલોકના દેવતાઓને પણ આવો પ્રસંગ જોવાની જીજ્ઞાસા જાણે જાગી હોય તેમ દેવરાજ ઈન્દ્રએ પણ વરસાદરૂપી પુષ્પની પાંખડીઓથી ભગવાનની વધામણી પણ કરી હતી. આજના દિવસે સમસ્ત સત્સંગીઓને મહાપ્રસાદનો અવસર મળ્યો હતો. અંતમાં ભુજથી પધારેલા સ.ગુ.પુ. કૃષ્ણપ્રસાદદાસજી સ્વામીએ યજમાનોને શાલ ઓઢાડી તેમજ પુષ્પની માળા પહેરાવી અંતરના આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે-સાથે દેવકૃષ્ણદાસજી સ્વામીએ પણ પોતાની આશીર્વાદાત્મક વાણીમાં નિશર અને ખુથીયા પરિવારના વડીલોને યાદ કરી તેમની એકતાને બીરદાવી તેમજ આવાં સંપથી સત્સંગનાં અવિરત કાર્યો લાંબા સમય સુધી આવા યજમાનો કરતા રહે તેવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી હતી.

- અહેવાલ : સ્વામી આનંદવલ્લભદાસજી

## અંજાર : પંચાહ્ન પારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિર-અંજાર મધ્યે મંડળના મહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજીની આજ્ઞાથી તથા કો. શા. સ્વામી નારાયણમુનિદાસજીની પ્રેરણાથી અ.નિ.સ.ગુ. વિદ્વદ્‌વર્ય તપોનિષ્ઠ પુ. સ્વામી પતિતપાવનદાસજીની સ્મૃતિમાં શ્રીહરિવાક્ય સુધાસિંધુ પંચાહ્ન પારાયણ તા. ૧-૧૨-૧૦ થી તા. ૫-૧૨-૧૦ સવારે તથા સાંજે આયોજન કરવામાં આવ્યું.

વક્તાપદે કથાકાર પુ. સ્વામી પરમહંસ દાસજી, શા. સ્વામી સંતસ્વરૂપદાસજીએ કથાનું રસપાન કરાવ્યું હતું. યજમાનપદે શ્રી કીર્તિભાઈ શાન્તિલાલ માનસત્તાએ પોતાના સ્વજનોના મોક્ષાર્થે અને સંતો, હરિભક્તોની પ્રસન્નતાર્થે આ કથાનું આયોજન કરેલ અને ઉદારતાથી પ્રસંગ ઉજવ્યો. પૂર્ણાહુતિ પ્રસંગે યજમાનશ્રી તથા તેમના સગા-સ્નેહીઓનું મહંતસ્વામી દ્વારા બહુમાન થયું. મહંતસ્વામી સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવન દાસજીએ આશીર્વાદ ઉદ્‌બોધનમાં જણાવ્યું કે અ.નિ.સ.ગુ. પુ. સ્વામી પતિતપાવનદાસજીની સ્મૃતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજમાં પારાયણ થશે. તેઓએ જે યોગદાન આપેલ છે તે અવિસ્મરણીય છે. નાના-મોટા સર્વે હરિભક્તોમાં તેઓ લોકપ્રિય હતા.

સગુ. શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજીએ પણ આશીર્વાદ આપ્યા હતા. સભા આયોજન તથા સંચાલન કો. શા. સ્વામી નારાયણમુનિદાસજીએ કર્યું હતું.

- અહેવાલ : ઠક્કર મેહુલકુમાર પી. (અંજાર)

## કેરા : પંચાહ્ન પારાયણ

કેરા મંદિરે ભાગવત કથા પંચાહ્ન પારાયણ તા. ૧૨-૧૨-૨૦૧૦ થી તા. ૧૬-૧૨-૨૦૧૦ સુધી યોજવામાં આવ્યું. શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજી તથા સ્વામી અક્ષરવલ્લભદાસજી તથા તેમના મંડળના સંતો પધાર્યા હતા. આ પ્રસંગે વડીલ સંતો તથા કચ્છના સાં.યો. બાઈઓ પધાર્યાં હતાં.

કથાના વક્તાપદે પુ. સ્વામી નારાયણપ્રિય દાસજી, પુ. સ્વામી હરિપ્રસાદદાસજી, પુ. સ્વામી શ્યામકૃષ્ણદાસજીએ વિરાજી પોતાની સુમધુર શૈલીમાં કથા રસપાન શ્રોતાઓને કરાવ્યું હતું. કથાની બીજી તથા ત્રીજી રાત્રે યજમાન તરફથી ઠાકરથાળી

*************************************

ઉજવવામાં આદવી હતી. કથાપ્રસંગના યજમાન અ.નિ. પ્રેમજી લાલજી ખેતાણી, ગં.સ્વ. તેજબાઈ પ્રેમજી તથા તેમના પુત્રો ગોપાલભાઈ તથા નાનજીભાઈ હતા.

સમાપ્તિના દિવસે યજમાનોનું શાલ ઓઢાળી બહુમાન કરવામાં આવ્યું હતું. સભાનું સંચાલન શા. સ્વામી લક્ષ્મણજીવનદાસજીએ સંભાળ્યું હતું.

- અહેવાલ : એસ. એન. ભુવા (કેરા)

## ઘડાણી : તુલસી વિવાહ

ઘડાણી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં દર વર્ષની જેમ જ ચાલુ વર્ષે પણ પ.પૂ. મહંતસ્વામી તથા વડીલ સંતોના આશીર્વાદથી તુલસીવિવાહની ઉજવણી ખૂબ જ ભક્તિભાવ અને આનંદ-ઉલ્લાસ વચ્ચે થઈ હતી.

યજમાનપદે પ.ભ. રતનશીભાઈ વાલજી પોકાર (લાલજી મહારાજ) તથા પ.ભ. ખીમજીભાઈ માવજીભાઈ ચૌહાણ (તુલસીબાઈ) રહ્યા હતા.

તુલસીવિવાહ અંતર્ગત તા. ૧૯-૧૧-૨૦૧૦ ના સવારે ૮:૦૦ વાગ્યે શુભ મૂહુર્તમાં તુલસીબાઈના લગ્ન લખાવવાની વિધિ ગોર મહારાજ દ્વારા હરિભક્તોની હાજરી વચ્ચે થઈ હતી. ત્યારબાદ કન્યાપક્ષથી લગનીયાઓ તુલસીબાઈના બન્ને ભાઈઓ લગ્નપત્રિકા લઈ વરપક્ષ એટલે કે લાલજી મહારાજના યજમાનના ઘેર લગ્નપત્રિકા લઈ પોંખાવવા ગયેલ. ત્યારબાદ તે જ રાતના ૮:૩૦ કલાકે લાલજી મહારાજ દરેક હરિભક્તોના ઘેર શણગારેલ પાલખી પર બિરાજી દર્શન દેવા પધારેલ અને દરેક હરિભક્તોના મનોરથો પૂર્ણ કરેલ.

ત્યારબાદના દિવસે સવારથી સાંજ સુધી દરેક હરિભક્તો મંદિરમાં ભેગા મળી ભજન ધૂન તથા સભાનું ભવ્ય આયોજન કરેલ. ત્યારબાદ રાત્રિના ૯:૦૦ કલાકે એક સુંદર મજાના શણગારેલ ટ્રેકટર ઉપર હાથીની અંબાડીએ શ્રીજી મહારાજનું ફુલેકું કાઢવામાં આવેલ. તેમાં ફટાકડાની આતશબાજી તથા આગળ રાસમંડળી દ્વારા રાસોત્સવ તથા ભજનમંડળી દ્વારા ભજનો તથા બહેનો દ્વારા તુલસીવિવાહના પદોની રમઝટ જામી. ગામ આખુંય જાણે હિલોળે ચઢ્યું હતું અને દરેકના મનમાં એક અતિ આનંદની હેલી ઉમટી હતી.

તા. ૨૧-૧૧-૨૦૧૦ ના દિવસે એટલે કે પૂર્ણિમાના શુભ દિવસે સવારના સુપ્રભાતની ઘડી-સવારના ૮:૦૦ કલાકે ચાર સ્તંભો દ્વારા શોભતા માંડવામાં તુલસીબાઈના માંડવાનો શુભારંભ ગોરમહારાજ દ્વારા થયો. ત્યારબાદ ગામના દરેક હરિભક્તોએ બપોરનો મહાપ્રસાદ લીધો. રાત્રે શુભમુહૂર્તે ગોર મહારાજના પવિત્ર મંત્રોચ્ચાર વચ્ચે લગ્નવિધીની શુભ શરૂઆત થઈ. હસ્તમેળાપ, ચાર ફેરા તથા શ્રીફળ હોમવાની વિધિ પૂર્ણ થતાં, તુલસીબાઈની બહેનપણીઓએ લાવેલ ગીફ્ટ અર્પણ કરી હતી, અને બંન્ને યજમાનોએ તથા હરિભક્તોએ સાથે મળી લાલજી મહારાજ તથા તુલસીબાઈને પ્રાર્થના કરી શુભાશીર્વાદ મેળવ્યા હતા.

આ લગ્ન સમારંભ પૂર્ણ થતાં સો આનંદિત તથા પ્રફુલ્લિત થઈ પ્રસાદ લઈ છુટા પડ્યા હતા.

- અહેવાલ : 'વ્રજ' મોહન (દહેગામ)

## અંજાર : પૂજન તથા મહાઆરતી

અંજાર મધ્યે તા. ૧૨-૧૨-૧૦ ના એક હરિભક્તે પોતાના સ્વજનોના મોક્ષાર્થે અને સંતો, હરિભક્તોની પ્રસન્નતાર્થે શ્રી ઘનશ્યામ મહારાજનું અષ્ટ રાજોપચારથી પૂજન તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી હરિજીવનદાસજી સ.ગુ. પાર્ષદ કોઠારી જાદવજી ભગત તથા વડીલ પૂ. સંતોએ આ પ્રસંગે પધારી પૂજામાં સહભાગી થયા હતા. આ માટે ૧૨૫ કિલો ફૂલ મંગાવેલ તથા સર્વે

હરિભક્તોને પ્રસાદ દ્વારા ધન્ય કરેલ. આખું વાતાવરણ ભક્તિસભર સંગીતમય થયું હતું. સંગીત વિનીતભાઈ (ઓક્ટોપેડ વાદક) તથા તેમના સહયોગી મિત્રોએ આપ્યું હતુ. પૂજન ભુજ મંદિરના ગોર ગુલાબશંકર શાસ્ત્રી તથા અંજારના યોગેશભાઈ શાસ્ત્રીએ કરાવેલ. પૂર્ણાહુતિ પ્રસંગે યજમાનોનું મહંતસ્વામી દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. અંજાર મંદિરના મહંતસ્વામી સ.ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી, શા. સ્વામી અક્ષરપ્રકાશ દાસજી તથા પુ. સ્વામી પરમહંસદાસજીએ સભામાં પ્રવચનો કર્યા હતાં. સભા આયોજન તથા સંચાલન કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, શહેર તથા વાડી વિસ્તાર તથા આસપાસના ગામોના તથા શહેરના હરિભક્તો, સ્વામિનારાયણ મંદિરો ભુજ તથા માંડવી આ દિવ્ય ઉત્સવના દર્શનનો લાભ લઈ ધન્ય થયા હતા. ભુજ મંદિર સંચાલિત ગુરુકુળોના પૂ. સંતો તથા ગામેગામથી પધારેલ સાંખ્યયોગી બાઈઓ પણ દર્શન કરી ધન્ય થયા હતા.

- અહેવાલ : ઠક્કર મેહુલકુમાર પ્રવિણચંદ્ર (અંજાર)

## સામત્રા : પંચાહ્ન પારાયણ

સામત્રા શ્રી સ્વામિનારાયણ મંદિરે તા. ૧૬-૧૨-૧૦, માગસર સુદ ૧૦, ગુરુવારથી તા. ૨૦-૧૨-૧૦, માગસર સુદ ૧૪, સોમવાર સુધી શ્રીમદ્ ભાગવત કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

કથાના યજમાન ગં.સ્વ. વેલબાઈ જાદવા વરસાણી પરિવારે અ.નિ. જાદવા સામજી વરસાણી, અ.નિ. દેવબાઈ સામજી વરસાણી આદિ પરિવારના મોક્ષાર્થે, અ.નિ. મહંત સ.ગુ. સ્વામી હરિસ્વરૂપ દાસજી આદિ અ.નિ. સંતોના સ્મરણાર્થે અને પ.પૂ. સ.ગુ. પુરાણી મહંતસ્વામી ધર્મનંદન દાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ પૂ. જાદવજી ભગત આદિ વડીલ સંતોની પ્રસન્નતાર્થે કરવામાં આવ્યું.

કથાના વક્તા પુ. સ્વામી નારાયણપ્રિય દાસજી તથા પુ. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ વ્યાસપીઠ પર બિરાજી સુભોગ્ય, સરળ ભાષામાં કથા પ્રસંગોનું રસપ્રદ વિવેચન કરી શ્રોતા હરિભક્તોને ભક્તિરસામૃતનું પાન કરાવી ખુશ કર્યા.

## રાપર : વચનામૃત જયંતી

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ-રાપરમાં ગુરુકુળના વિદ્યાર્થીઓ તથા સંસ્કૃતનો અભ્યાસ કરતા સંતોએ સાથે મળીને માગસર સુદ ૪, ગુરુવાર, તા. ૯-૧૨-૧૦ ના રોજ વચનામૃતજયંતી ઉત્સવ મનાવ્યો હતો. આ પ્રસંગે વચનામૃત શાસ્ત્રગ્રંથનું પૂજન, મહાઆરતી ઉપરાંત વચનામૃતની અષ્ટપારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોના સ્વામી વિવેકમુનિદાસજી, સ્વામી નૌતમમુનિદાસજી તથા સ્વામી આનંદમુનિદાસજીએ ઉત્તરો આપી સૌને રાજી કર્યા હતા. પુ. સ્વામી શ્રીપ્રકાશદાસજીએ વચનામૃતને વેદની ઉપમા આપી ભગવાન શ્રી સહજાનંદ સ્વામીની પરાવાણીનો મહિમા સમજાવ્યો હતો.

## શ્રી સ્વામિ. વિદ્યાર્થી ભવન : વચનમૃત જયંતી

ભગવાન શ્રી સ્વામિનારાયણના મુખારવિંદથી પ્રગટ દિવ્યવાણી વચનામૃતની ૧૯૧ મી જયંતી માગસર સુદ-૪, ગુરુવાર, તા. ૯-૧૨-૧૦ ના રોજ શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય તથા શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના સંયુક્ત ઉપક્રમે ભવનના મધ્યસ્થ હોલમાં યોજાયેલ હતો.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના

સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીના સાનિધ્યમાં યોજાયેલ આ સમારંભના પ્રારંભમાં વચનામૃતનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શા. સ્વામીએ ગીતા, ઉપનિષદ તથા વેદોના સારરૂપ આ વાણી શ્રી સ્વામિનારાયણ ભગવાનના મુખે સરળ ભાષાશૈલીમાં નીકળીને ગ્રંથસ્થ થયેલ હતી તેવું જણાવ્યું હતું.

## શ્રી સ્વામિ. વિદ્યાર્થી ભવન : ગીતા જયંતી

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનમાં તા. ૧૭-૧૨-૧૦ના રોજ શ્રીમદ્ ભગવતદ્ગીતા જયંતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રીમદ્ ભગવદ્ગીતાના પાઠનું વાંચન ત્યારબાદ વિદ્યાર્થી ભવનના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીએ પોતાની સરળ અને અસરકારક વાક્છટામાં જણાવ્યું હતું કે, ''મહાભારતના મહાયુધ્ધમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને પોતાના મુખેથી દરેક યુગમાં પ્રસ્તુત અને દરેક વ્યક્તિને સંપૂર્ણ રીતે કપરા કામમાં માર્ગદર્શન આપતો ધાર્મિક ગ્રંથ 'ગીતા' છે''. ઉપરાંત ગીતા પાઠોનું વિસ્તારપૂર્વક દૃષ્ટાંતો સાથે વક્તવ્ય આપ્યું હતું.

## શ્રી સહજાનંદન ગુરુકુલ માનકુવા : ખેલ મહાકુંભમાં પ્રથમ સ્થાન

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી રાજ્ય સરકાર દ્વારા સ્વર્ણીમ ગુજરાતની ઉજવણીરૂપે થયેલ ખેલ મહાકુંભની અન્ડર-૧૬ ખો-ખો સ્પર્ધામાં સમગ્ર કચ્છમાં માનકુવા ગુરુકુલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આ સ્પર્ધાની ફાઈનલ મેચમાં સામેની ટીમને ૨-૧૦થી હાર આપી ૯ ખેલાડી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

ખેલાડીઓની આ સિધ્ધિ બદલ ગુરુકુલના સંચાલક સ્વામી દેવસ્વરૂપદાસજી, સ્વામી ગોલોકવિહારીદાસજી, સ્વામી અક્ષરવિહારીદાસજી અને પાર્ષદ કોઠારી ખીમજી ભગતે અભિનંદનસહ આશીર્વાદ પાઠવ્યા હતા. શાળાનાં આચાર્ય વિપુલભાઈ રાવલ અને સમગ્ર સ્ટાફગણે પણ અભિનંદન પાઠવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રામીણ ખોખો તેમજ અન્ડર-૧૭ ખોખોમાં પણ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ માનકુવા ગુરુકુલે જ કરેલું હતું. આ તમામ વિદ્યાર્થીને કોચીંગ અને માર્ગદર્શન શાળાના વ્યાયામ શિક્ષક શ્રી હિતેશભાઈ વાળાએ આપ્યું હતું.

## શ્રી સ્વામિ. વિદ્યાલય માંડવી : શ્રેષ્ઠ વાચક સ્પર્ધા

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય-માંડવી ખાતે શિક્ષણશાસ્ત્રી કુ. વસંતબેન સાયલનું 'શ્રેષ્ઠ વાચક સ્પર્ધા' અંતર્ગત વક્તવ્ય રાખવામાં આવ્યું હતું. તેઓએ પુસ્તકોના વાંચનથી થતા ફાયદા, નિજાનંદ માટે વાંચન, સામાજિક સંદર્ભો ટાંકીને વાંચન માટે જાગૃતિ લાવવા પ્રેરક પ્રવચન કરેલ.

ખી. રા. કન્યા વિદ્યાલયનાં ગ્રંથપાલ અપર્ણાબેન વ્યાસ પણ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆતમાં શાળાકક્ષાની 'શ્રેષ્ઠ વાચક સ્પર્ધા' ના તેઓ પ્રમુખ નિર્ણાયક પણ રહ્યાં હતાં. દરેક ધોરણમાંથી એક-એક વાચક વિદ્યાર્થીને પસંદ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્ય શ્રી મદનસિંહ ચાવડાએ તેમજ આભારવિધિ શાળાના ભાષાશિક્ષક શ્રી જે. એચ. મહેતાએ કરી હતી.

- અહેવાલ : આચાર્યશ્રી

## :: પલાંસવા (વાગડ) ::

પલાંસવા (વાગડ) માં શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મંદિર બનાવવા માટે જમીન મેળવવાની કાર્યવાહીના શ્રીગણેશ થઈ ચૂક્યા છે. પલાંસવામાં ગામના તથા આસપાસનાં ગામોના હરિભક્તોની સભામાં ભુજ મંદિરના વરિષ્ઠ સંતો સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજીએ જણાવ્યું હતું કે મંદિર થવાથી વાગડ વિસ્તારને શિક્ષણ, સત્સંગ અને ધાર્મિક સંસ્કારનો લાભ મળશે.

****************************************************

# વિદેશ સમાચાર

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિ. મંદિર-નૈરોબી : વિવિધ ઉત્સવો

### :: સાપ્તાહિક પારાયણ ::

તા. ૨૫-૧૦-૨૦૧૦ થી તા. ૩૧-૧૦-૨૦૧૦ સુધી ગામ નારાણપરના પ.ભ. નિલેશભાઈ વિશ્રામ હાલાઈ તથા દિપકભાઈ વિશ્રામ હાલાઈ તથા ગામ બળદિયાના પ.ભ. રામજીભાઈ લાલજી જેસાણી આ બન્ને કુટુંબીજન પરિવાર તરફથી પોતાના અ.નિ. કુટુંબીજનોના આત્યંતિક કલ્યાણાર્થે તથા સંતો હરિભક્તોની પ્રસન્નતાર્થે શ્રી સ.ગુ. સ્વામી નિષ્કુળાનંદ વિરચિત નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત યમદંડ આદિ ગ્રંથનું સુંદર આયોજન કરવામાં આવ્યું. ભુજ મંદિરથી પધારેલ સ.ગુ.પુ. સ્વામી કેશવજીવનદાસજી આદિ સંતો વ્યાસપીઠ પરથી સરસ રીતે સુગમ ભાષામાં કથાનું રસપાન કરાવી સર્વે હરિભક્તોને રાજી કરેલ હતા. રવિવાર તા. ૩૧-૧૦-૧૦, સવારના ૯:૦૦ વાગ્યે કથાની પૂર્ણાહુતિ થયા બાદ બપોરે ૧૨:૦૦ વાગ્યે મહાપ્રસાદરૂપી ભોજન બન્ને યજમાન પરિવાર તરફથી સર્વે સત્સંગી હરિભક્તોને પીરસવામાં આવ્યું. આ પ્રસંગે સંતોએ યજમાન પરિવારને મનોકામના પૂર્ણ થયાના આશીર્વાદ આપ્યા.

### :: દિવાળી પર્વ ::

દિવાળી પર્વનો ઉત્સવ આનંદપૂર્વક ઉજવાયો. શુક્રવાર, તા. ૫-૧૧-૨૦૧૦ ના રોજ કાળીચૌદશ તથા દિવાળીના ઉત્સવ પ્રસંગે સાંજે વિશ્રાંતિભુવનમાં રંગોળીનું દર્શન સંતોના વરદ્ હસ્તે ખુલ્લું મુકવામાં આવ્યું. ત્યારબાદ ખૂબ જ મોટી સંખ્યામાં હરિભક્તોએ લક્ષ્મીપૂજન (ચોપડા પૂજન) નો લાભ લીધો. ત્યારપછી સંતોના વરદ્હસ્તે હનુમાનજી મહારાજનું પૂજન કરવામાં આવ્યું.

શનિવાર, તા. ૬-૧૧-૧૦ ના રોજ સાંજે ગોવર્ધન પૂજા, અન્નકૂટ દર્શનની ૫:૩૦ વાગ્યે આરતી ઉતારવામાં આવી અને ત્યારબાદ સર્વે હરિભક્તો આનંદ મનથી અન્નકૂટ પ્રસાદરૂપી ભોજન જમી છુટા પડ્યા. રવિવાર તા. ૭-૧૧-૨૦૧૦ ના રોજ સવારે મંગળા આરતીમાં બહુજ સારી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી. ત્યારબાદ ભુજથી પધારેલ સંતોનાં આશીર્વચનો થયાં તથા મહંતસ્વામી તથા આચાર્ય મહારાજશ્રીના નૂતનવર્ષના આશીર્વચન પત્રોનું વાંચન થયું. ત્યારબાદ સર્વે હરિભક્તોએ અરસ પરસ નવા વર્ષના અભિનંદન તથા "જય શ્રી સ્વામિનારાયણ" મંત્રનું આદાન-પ્રદાન કરી શુભકામનાઓ પાઠવી.

### :: તુલસી વિવાહ ::

તુલસીવિવાહ ઉત્સવ પ્રસંગે તા. ૧૭-૧૧-૨૦૧૦, બુધવારના રોજ પ્રબોધિની એકાદશીના રોજ સવારના ૭:૩૦ વાગ્યાના મંગળપ્રભાતે લાલજી મહારાજ શાલીગ્રામ તથા તુલસીબાઈના લગ્ન માટે મંડપારોપણ થયું. દરરોજ સાંજે અલગ-અલગ વિસ્તારમાં યજમાન પરિવાર તરફથી હરિભક્તોના ઘેર તુલસીબાઈ તથા લાલજી મહારાજની પધરામણી થતી હતી.

તા. ૨૧-૧૧-૨૦૧૦ ના રવિવારના રોજ સવારના ૯:૩૦ કલાકે લાલજી મહારાજના યજમાન ગામ માધાપરના નારણ રવજી ગોરસીયાના નિવાસસ્થાનથી ઠાકોરજીની શોભાયાત્રા મંડળી સહિત ધામધુમથી નીકળી અને મંદિરમાં લગ્નસ્થળે આવ્યા બાદ ગોર મહારાજ શ્રી હરીશ મહારાજ તથા અગ્નિદેવની સાક્ષીએ (શાલીગ્રામ) લાલજી મહારાજ તથા તુલસીદેવીનાં ધામધુમથી લગ્ન થયાં. સર્વ હરિભક્ત ભાઈ-બહેનોએ ખૂબ જ આનંદ

**********************************************

ઉલ્લાસથી કન્યાદાનની ભેટો આપી.

લગ્ન બાદ બપોરના તુલસીદેવીના યજમાન ગામ રામપરના પ.ભ. શ્રી મનજીભાઈ રામજી સુરજાણી તરફથી સર્વે હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું. આ દેવદિવાળી (તુલસી વિવાહ) નો પ્રસંગ માણી સર્વે હરિભક્તો રાજી થયા હતા.

### :: વિશ્રાંતિભુવન સ્થાપનાદિનની ઉજવણી ::

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન ગામદેવી-મુંબઈ તથા શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન-નૈરોબી આ બન્ને વિશ્રાંતિ ભુવનના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે શ્રી ઘનશ્યામલીલામૃત સાગરની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવેલ હતું. પારાયણના વક્તા ભુજનગરથી પધારેલ સ્વામી બ્રહ્મમુનિદાસજી રહ્યા હતા. શુભ શરૂઆતની તા. ૮-૧૨-૨૦૧૦ થી રવિવાર તા. ૧૨-૧૨-૧૦ સુધી સ્વામીએ સરળ રીતે શ્રી ઘનશ્યામ મહારાજનાં બાલચરિત્રો સંભાળવી હરિભક્તોને રાજી કર્યા હતા. રવિવારના સવારના ૯:૩૦ વાગ્યે કથા સમાપ્તિ બાદ સંતોનાં આશીર્વચન થયાં અને બપોરના શ્રી ક. સ. સ્વામિ. મંદિર-નૈરોબી તરફથી સર્વે ભક્તોને મહાપ્રસાદરૂપી ભોજન પીરસવામાં આવ્યું હતું.

## શ્રી ક. સ. સ્વામિ. મંદિર-હેરો દિપોત્સવી ઉત્સવ

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર-કેન્ટન-હેરો (લંડન) મધ્યે શુક્રવાર તા. ૫-૧૧-૨૦૧૦ના રોજ દિવાળી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

દિવડાઓ અને લાઈટ ડેકોરેશનથી મંદિર શણગારવામાં આવેલ. કાળીચૌદશના દિવસે હનુમાનજી મહારાજનું પૂજન કરવામાં આવેલ. યજમાનશ્રી પ.ભ. મનજીભાઈ કરસન કેરાઈ સહપરિવાર તરફથી શ્રી હનુમાનજીની આરતી ઉતારવામાં આવેલ. સાથોસાથ શ્રી શારદાપૂજન અને શ્રી લક્ષ્મપૂજન હોવાથી મંદિરમાં પૂજારી શ્રી દિનેશ મહારાજે ચોપડાપૂજન કરાવેલ. જેમાં ઘણા હરિભક્તોએ ભાગ લીધેલ.

શનિવારના શ્રી અન્નકૂટ ઉત્સવ અને શ્રી ગોવર્ધનપૂજન પ્રસંગે ભાઈઓ અને બહેનોએ તૈયાર કરેલ જાત-જાતની વાનગીઓનો અન્નકૂટ ઠાકોરજી આગળ ગોઠવવામાં આવેલ. ભક્તોએ પ્રસાદનો લાભ લીધેલ. આજના શુભ દિવસે શ્રી ઘનશ્યામ મહારાજના અન્નકૂટના થાળના યજમાન અ.નિ. કાનજીભાઈ મુરજી વરસાણી સહપરિવાર ભાઈઓના સિંહાસનના અ.નિ. હરજીભાઈ જેઠા, અ.નિ. રામબાઈ હરજી તથા અ.નિ. કરસન હરજી ભુડિયા હ. રૂડા કરસન સહપરિવાર.

બહેનોના સિંહાસન અ.નિ. પરબતભાઈ કુરજી હાલારીયા, હ. ગં.સ્વ. અમરબેન પરબત હાલારીયા સહપરિવાર ગામ કેરા રહ્યા હતા.

આ પ્રસંગે નીચે મુજબ ભેટ મળેલ.

ગામ દહીંસરાના મંજુલાબેન મનસુખ માયાણીએ ૫૦ મી વર્ષગાંઠ નિમિત્તે શ્રી ઘનશ્યામ મહારાજને એક જોડ હાથના કડાં, ગામ બળદિયાના પ.ભ. મનજીભાઈ લાલજી તથા સુપુત્ર શશીકાન્ત મનજી વેકરીયા સહપરિવાર તરફથી શ્રી ઘનશ્યામ મહારાજના વાઘા, ગોવિંદભાઈ લાલજી કેરાઈ-બળદિયા તરફથી અન્નકૂટ પ્રસાદના ડબ્બા, રીશી યુ.કે. લી. તરફથી ૮૦૦૦ પ્લાસ્ટીક સાનીના સેટ, કીંગ્સબરી ફ્રુટ એન્ડ વેજીટેબલ્સ તરફથી તમામ ફળ અને શાકપાન. ઉપરોક્ત ભક્તોએ અગ્યાર વાગ્યે અન્નકુટની મહાઆરતી ઉતારી હતી અને દિવ્ય લાભ લીધેલ.

### :: તુલસીવિવાહ ::

તુલસીવિવાહ પ્રસંગે શ્રી તુલસીજીના યજમાન ગામ દહીંસરાના પ.ભ. વાલજીભાઈ માવજી પિંડોરીયા તથા ધ.પ. પુષ્પાબેન વાલજી પિંડોરીયા સહપરિવાર અને શ્રી લાલજી મહારાજના યજમાન ગામ બળદિયાના અ.નિ. દેવશીભાઈ કરસન વેકરીયા તથા ધ.પ.ગં.સ્વ. કાન્તાબેન દેવશી વેકરીયા સહપરિવાર.

શનિવાર તા. ૨૦-૧૧-૨૦૧૦ ના શ્રી લાલજી મહારાજના મંડપરોપણ શ્રી નિલકંઠહોલમાં રાખવામાં આવેલ.

રવિવાર, તા. ૨૧-૧૧-૨૦૧૦, શ્રી તુલસીબાઈના મંડપ સવારે ૭:૩૦ વાગ્યે રોપવામાં આવેલ. ત્યારબાદ

શ્રી લાલજી મહારાજની જાનનું આગમન ૧૦:૩૦ વાગ્યે થયું. જેમાં ઉત્સવીયા હરિભક્તો મંડળી સહિત વાજતે-ગાજતે શ્રી લાલજી મહારાજને મંડપમાં પધરાવેલ અને લગ્નની ધામધૂમ અને વિધિ સહિત ઉજવણી કરવામાં આવેલ. ત્યારબાદ સર્વે હરિભક્તોને પ્રસાદ પીરસવામાં આવેલ.

આ પ્રસંગે નીચે મુજબ ભેટ મળેલ.

શ્રી તુલસીબાઈના યજમાન તરફથી બે સોનાની ચેન તથા શ્રી લાલજી મહારાજના યજમાન તરફથી ૨૫૧ પાઉન્ડ.

- અહેવાલ : કાનજી મનજી કેરાઈ (મંત્રી)

## શ્રી પૂ. આ. સત્સંગ સ્વામિ. મંદિર-નૈરોબી : વાર્ષિક જાહેરસભા

શ્રી પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર-નૈરોબીની વાર્ષિક જાહેસભા રવિવાર, તા. ૨૪-૧૦-૨૦૧૦ ના બોલાવવામાં આવેલ.

અધ્યક્ષસ્થાને શ્રી લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી હતા. મંત્રી શ્રી ભીખાલાલ ગોરસીયાએ ગત વાર્ષિકસભાની નોંધનું વાંચન કરેલ તેમજ સને ૨૦૦૯-૧૦ નો વાર્ષિક અહેવાલ વાંચી સંભળાવેલ. તેમજ ખજાનચીશ્રીએ સને ૨૦૦૯ નો વાર્ષિક આવક-જાવક તથા સરવૈયાનો હિસાબ સભા સમક્ષ વાંચી સંભળાવ્યો હતો. જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ જૂની સમિતિને બરખાસ્ત કરી અને વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ના વર્ષમાટે નવી કારોબારી સમિતિની રચના સર્વાનુમતે કરવામાં આવેલ. જે નીચે મુજબ છે.

ચેરમેનશ્રી : લક્ષ્મણભાઈ ભીમજી રાઘવાણી (બળદિયા), વાઈસ ચેરમેનશ્રી : દેવશીભાઈ કુંવરજી ગરારા (બળદિયા), મંત્રીશ્રી : ભીખાલાલભાઈ વેલજી ગોરસીયા (સુખપર), સહમંત્રીશ્રી : હીરજીભાઈ વેલજી આસાણી (વેકરા), સહમંત્રીશ્રી : માવજીભાઈ વેલજી ગોરસીયા (સુખપર), ખજાનચીશ્રી : મનજીભાઈ કાનજી રાઘવાણી (બળદિયા), સહખજા.શ્રી : વિશ્રામભાઈ નાથા ભંડેરી (વેકરા), સહખજા.શ્રી : દિનેશભાઈ કાનજી રાઘવાણી (બળદિયા), કોઠારીશ્રી : વિશ્રામભાઈ પ્રેમજી દબાસીયા (કોડકી), સહકોઠારીશ્રી : જેઠાલાલ વાઘજી વરસાણી (સામત્રા), સહકોઠારીશ્રી : હીરજીભાઈ મનજી કારા (માંડવી), ઈન્ટરનલ ઓડીટરશ્રી : બાબુભાઈ લાલજી હીરાણી (કોડકી), સભ્યશ્રીઓ : ભીમજીભાઈ લક્ષ્મણ રાઘવાણી (બળદિયા), પરબતભાઈ પ્રેમજી રાજાણી (રામપર), વીરજીભાઈ મેઘજી પિંડોરીયા (માંડવી), શિવજીભાઈ શામજી વેકરીયા (માંડવી), જયકિશનભાઈ જયરામભાઈ પીઠડીયા (નૈરોબી), કાંતિલાલભાઈ નારાણ કેરાઈ (બળદિયા), કાનજીભાઈ નારાણ રાઘવાણી (બળદિયા), કુંવરજીભાઈ જાદવા છભાડીયા (માંડવી), દેવરાજભાઈ ઝીણા વેકરીયા (બળદિયા), હીરજીભાઈ વીરજી વરસાણી (વેકરા).

બાલયુવક : વીરજીભાઈ કાનજી રાઘવાણી (બળદિયા), ટ્રસ્ટીશ્રી : રામજીભાઈ રત્ના વરસાણી (વેકરા), નારાણભાઈ મનજી કેરાઈ (બળદિયા), સ્કૂલ તથા ચિકિત્સાલય : લાલજીભાઈ દેવશી ગરારા (બળદિયા), ધનજીભાઈ લક્ષ્મણ રાઘવાણી (બળદિયા), અરવિંદભાઈ મનજી રાઘવાણી (બળદિયા).

- અહેવાલ : ભીખાલાલ વેલજી ગોરસીયા

## ઓલ્ડહામ : તુલસી વિવાહ

શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ (યુ.કે.) માં લાલજી મહારાજ (શાલીગ્રામ) પક્ષે ગામ બળદિયાના પ.ભ. કાન્તિભાઈ સામજી હીરાણી તેમજ તુલસી (વૃંદા) પક્ષે ગામ કેરાના પ.ભ.ગં.સ્વ. કાનબાઈ રામજી જેસાણી રહ્યા હતા.

મંડપારોપણ શનિવાર, તા. ૨૦-૧૧-૨૦૧૦ ના શ્રી સ્વામિનારાયણ મંદિર-ઓલ્ડહામ મુકામે કરવામાં આવ્યું હતું. અને લગ્નઉત્સવ રવિવાર તા. ૨૧-૧૧-૨૦૧૦ ના ઉજવવામાં આવ્યો હતો. લગ્નવિધિ બાદ સર્વે સત્સંગીઓએ સાથે મળીને પ્રસાદરૂપ ભોજન લીધેલ હતું.

ગામ બળદિયાના પ.ભ. કાનજીભાઈ વેલજી વેકરીયાએ તેમજ મહેશભાઈ નિમાવતે મંડપસેવા આપી હતી.

- અહેવાલ : નારણ દેવરાજ કારા (સહમંત્રી)

****************************************

## સ્વીડન : અન્નકૂટોત્સવ

આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ભુજ મંદિરના પ.પૂ. મહંતસ્વામીની આજ્ઞા અને આશીર્વાદ લઈ વિદેશના સત્સંગ પ્રચારાર્થે નીકળેલા સંતો સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, શા. સ્વામી શુકમુનિદાસજી તથા સ્વામી સુવ્રતમુનિદાસજી તા. ૪-૧૧-૧૦ ના ધનતેરસના સ્વીડન પધાર્યા હતા. મંદિર નિર્માણના ૨૦ વર્ષમાં પ્રથમ અવસર હતો કે સંતો દિપાવલી-અન્નકૂટોત્સવના પવિત્ર પ્રસંગે પધાર્યા હોય, તેથી સ્વીડનના હરિભક્તોના આનંદનો કોઈ પાર ન રહ્યો.

સંતો પોતાનો પ્રેમભાવ વ્યક્ત કરતાં બોલ્યા કે સ્વીડનમાં મોટી સંખ્યામાં સત્સંગી હરિભક્તોની હાજરીથી પ્રસન્નતા અનુભવીએ છીએ. હવે સત્સંગમાં આગળને આગળ વધાય એવા સૌ પ્રયત્નો કરતા રહેજો એવી સંતોએ ભલામણ કરી હતી.

હરિભક્તોમાં મંદિરના પ્રમુખ શ્રી નરોત્તમભાઈ નરશી, પુજારી મનજી રામજી લીંબાણી, મંત્રી જયેશ પટેલ, ટ્રસ્ટીઓમાં હર્ષદ પટેલ, રમેશભાઈ કેરાઈ, ખજાનચી વાઘજીભાઈ લીંબાણી તથા જહોનસ્કોપના અગ્રણી રવજીભાઈ દેવજી વેકરીયા, વાલમભાઈ આદિ હરિભક્તોએ ભુજ મંદિરનો ખૂબજ આભાર માન્યો હતો ને લાગણી વ્યક્ત કરી હતી કે સંતો વારંવાર પધારી નવા-નવા આયોજનો દ્વારા અહીંના સત્સંગને આગળને આગળ વધારતા રહે, યુવાનોમાં સત્સંગની પ્રેરણા આપતા રહે. સંતોના સાંનિધ્યમાં દીપાવલિ ઉત્સવ અને અન્નકૂટોત્સવ ધામધૂમથી ઉમંગભેર ઉજવાયા હતા.

- અહેવાલ : સુરેશભાઈ કેરાઈ (યુવાકાર્યકર)

---

## સત્સંગના આત્મનિષ્ઠ વિભૂતિ
## સાં.યો. મહંત ધનબાઈનું અક્ષરધામ ગમન

ભુજ શ્રી સ્વામિનારાયણ બહેનોના મંદિરે નિવાસ કરી કચ્છના શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સમગ્ર સાંખ્યયોગી બહેનોને તથા કર્મયોગી બહેનોને હરિભક્તિના પ્રેરણાપીયૂષનું અમૃતપાન કરાવનાર, ૪૯ વર્ષ લગી મહંતપદેથી સત્સંગી બહેનોને ભક્તિમાર્ગે જાગૃત રાખી મોક્ષમાર્ગની કેડી પર દૃઢ રાખનાર સાં.યો. મહંત પૂ. ધનબાઈએ તા. ૨૨-૧૨-૧૦ ની સાંજે સંધ્યા આરતી પછી ભગવાન સ્વામિનારાયણની અખંડ સેવામાં અક્ષરધામને માર્ગે પ્રયાણ કર્યું.

બહેનોના સત્સંગ સમાજના અડીખમ રાહબર પૂ. ધનબાઈનો જન્મ ગુર્જર સુતાર પરિવારમાં સં. ૧૯૭૨ માં તે સમયના હિન્દુસ્થાનના કરાંચી શહેરમાં થયો હતો. શ્રીજી મહારાજ કચ્છ પધારતા ત્યારે ગુર્જર સુતારોને ત્યાં પધારી દર્શન આપતા. પૂ. ધનબાઈનો વડીલ પરિવાર ધંધાર્થે કરાંચી જવાનું થતાં શ્રીહરિના આશીર્વાદના સંસ્કારપ્રસાદ પામી ગયો હતો. ઋણાનુબંધે કરાંચીનગર પાકિસ્તાનમાં જવાથી પૂ. ધનબાઈને પરિવાર સાથે કચ્છ આવવાનું થયું.

સમય જતાં તેમના વિવાહની વાત થતાં તેમના જન્મજાત સંસ્કાર જાગ્યા અને પ્રથમવયથી જ મુમુક્ષુભાવને વરેલા જીવાત્માની પ્રભુભક્તિની લગની ખીલી ઊઠી. પરંતુ માતાપિતાની ભાવનાની ઉપરવટ ન જતાં લાગણીભરી આજ્ઞાનો સ્વીકાર કરી આંબેડી ગામના નિજજ્ઞાતિના યુવાન સાથે લગ્નગાંઠથી બંધાયા. પતિ પરિવાર સાથે અંજારમાં રહેવાનું થયું. પરંતુ ટૂંકાગાળામાં જ વૈધવ્ય પ્રાપ્ત થયું. પિતા કારૂભાઈ ધામમાં ગયા હતા. ફરીવાર સુખપરમાં ઘર માંડ્યું અને સુખપરમાં નિવાસ કર્યો.

આ સમયમાં તેમને અંતરનો અવાજ સંભળાયો, ''તારો સંકલ્પ સિધ્ધ થશે''

અને બસ. છ માસના ટૂંકાગાળામાં જ પતિ અક્ષરવાસ પામ્યા. કુટુંબીજનો આ ઘટનાથી ઈશ્વરની મરજીને સમજી ગયા અને પૂ. ધનબાઈના પુનર્લગ્ન અંગે વિચાર કરવાનું મુનાસબ ન માન્યું.

ત્યારપછી સં. ૧૯૯૨ માં માધાપુરમાં રહી ગુરુ સાં.યો. પુરબાઈની ઈચ્છાથી સાંખ્યયોગ ગ્રહણ કરી

************************************

ત્યાગાશ્રમ સ્વીકાર્યો. આ સમયમાં તેમના પિતા તરીકે (પાલક પિતા- Guardian) અંજારના રણછોડભાઈ હતા.

કચ્છના સત્સંગના મુખ્યકેન્દ્ર ભુજ મંદિરના વિદ્વાન મહંત શા. સ્વામી ધર્મજીવનદાસજીએ બહેનોમાં સત્સંગનો વ્યાપ વધવાથી સ.ગુ. મુરલીમનોહરદાસજી આદિ સંતો હરિભક્તો સાથે પરામર્શ કરી સાં.યો. પૂ. ધનબાઈને ભુજ બોલાવ્યાં, અને ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા પછી બહેનોમાં સત્સંગના વિકાસાર્થે તથા હરિભક્ત કર્મયોગી બહેનોને વિશેષ બોધ, પ્રેરણા અને માર્ગદર્શન આપવાના પ્રયોજનથી સં. ૨૦૧૮ માં સાં.યો. મહંતપદે વરણી કરવામાં આવી.

મહંતપદના ૪૯ વર્ષ સહિત ત્યાગી તરીકે ૭૫ વર્ષમાં પૂ. ધનબાઈએ સત્સંગની સેવા કરવામાં પાછું વળીને જોયું નથી. તેમનાં દર્શને જનાર સત્સંગી કે બિનસત્સંગી હરકોઈ વ્યક્તિને તેમની અમીદૃષ્ટિથી સુખદ શાન્તિનો અનુભવ મળ્યો છે, સંતોને વચને આચાર્યશ્રીઓ, ગાદીવાળાં, તથા સત્સંગની બહુમૂલ્ય સેવા કરી છે. સત્સંગનાં નાની-મોટી સેવામાં તેમણે, તેમના શિષ્યમંડળે તેમજ તેમની પ્રેરણાથી સાં.યો. બહેનો તથા કર્મયોગી બહેનોએ દરેક પ્રસંગમાં પ્રશંસનીય સેવા કરી છે.

આપે આપના જીવનનો એક મંત્ર હતો કે ભગવાનની અને મોટા સંતોની આજ્ઞા લોપવી નહીં અને સંપૂર્ણ જીવન ભક્તિમય ગાળ્યું. મહારાજને રાજી કરવા ખૂબ જ તપ કરતાં છેલ્લાં ૨૦ વર્ષથી કેવલ પ્રવાહી ઉપર રહેતાં, સવારના ૧૧ વાગ્યા પહેલાં પાણી પણ ન લેવું એવો નિયમ હતો. આપે જીવનમાં દરરોજ ૭ હરિકવચના પાઠ તથા ૧૦૦ કીર્તનો અને ૧૦૦ માળા કરતાં. કોઈ મુમુક્ષુ સંત થવા આવે ત્યારે આપની એવી ભલામણ હતી કે શ્રી નરનારાયણદેવના થઈને રહેજો અને સંતો કહે તેમ કરજો, ધર્મામૃત અને શિક્ષાપત્રી પ્રમાણે આપ રહ્યાં અને રહેવાની ભલામણ કરતાં. છેલ્લી ઉંમર સુધી પણ ગાદલાં ઉપર સૂતા નહીં. આપની શરણે આવેલ શિષ્યગણને આપના જવાથી ખૂબ દુ:ખ થયું છે. સાં.યો. નીતાબેન, અનીતાબેન, નાનબાઈ, ચંદ્રિકાબેન, દક્ષાબેન, જયશ્રીબેન, લતાબેન, મંજુબેન તથા જયશ્રીબેન વગેરે શિષ્યમંડળ તેમજ સમગ્ર કચ્છના સાં.યો. બહેનોને મહારાજ હિંમત આપે અને આપના જીવનમાંથી જીવવાનું બળ મહારાજ આપે.

પવિત્ર અને નિયમપરસ્ત જીવનથી સંતો હરિભક્તોને રાજી રાખી ભગવદ્ભજનની તાનમાં જ લીન રહ્યાં, અને ૪૯ વર્ષના મહંતપદને ભક્તિની ગૌરવભરી સમૃધ્ધ ધજાથી શણગાર્યું.

સમગ્ર લેવા પટેલ ચોવીસીએ બંધ પાળી પોતાની સંવેદના દર્શાવી.

અંત્યેષ્ટિ પ્રયાણ માટે દશ વાગતાં સુધીમાં હજારો હરિભક્તોએ ઉપસ્થિત થઈ પૂ. બાઈને શ્રીફળ, ફૂલહાર, માળા, અગરબત્તી, ચંદન આદિ ભેટ ધરી દર્શન કર્યા. દશ વાગતાં પૂ. બાઈના પાર્થિવદેહને પાલખીમાં પધરાવી વાહન દ્વારા ઘનશ્યામવાડીએ સંતોની અંત્યેષ્ટિભૂમિ તરફ જવા પ્રયાણ કર્યું. અંત્યષ્ટિ સમયે અંજારથી તેમના પૂર્વાશ્રમના પરિવાર રણછોડભાઈના પુત્ર શિવજીભાઈ અને પૌત્ર પ્રકાશભાઈ તથા સુખપર સુથાર પરિવારના સંબંધીજનો હાજર હતા. તેમણે વિધિપૂર્વક અગ્નિદાહ આપ્યો અને પૂ. ધનબાઈના નશ્વરદેહનાં પંચતત્ત્વ, પંચમહાભૂતમાં વિલીન થઈ ગયાં.

મહારાજ પૂણ્યાત્માને પોતાના ચરણનું સુખ આપે એવી શ્રી ભુજનગર નિવાસી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

---

## :: સાં.યો. મહંત ધનબાઇને શ્રદ્ધાંજલિ અર્પણ ::

ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિરમાં તા. ૨૬-૧૨-૧૦ ના રોજ સમગ્ર કચ્છનાં અ.નિ. સાં.યો. મહંત ધનબાઇને શ્રદ્ધાસુમન અર્પણ કરી દશહજાર ઉપરાંત હરિભક્તોએ પોતાની સંવેદના પ્રગટ કરી.

મહંત પુ.સ્વા. ધર્મનંદનદાસજીના પ્રમુખ પદે રાખવામાં આવેલ સભામાં સભાના સંચાલક પુ. સ્વા. દેવચરણદાસજીએ પૂ. ધનબાઇ સંબંધી વિગતોની ચર્ચા સાથે સભાનું પ્રયોજન જણાવ્યું. તે પછી વક્તાઓએ પૂ. ધનબાઈએ સત્સંગ માટે અને કચ્છના સાં.યો. બહેનોના સંગઠિત આયોજન માટે તેમજ નારીજગતમાં કર્મયોગી સત્સંગી બહેનો સત્સંગનો વ્યાપ વધારવામાં ૪૯ વર્ષ સુધી મહંતપદે રહીને ૭૫ વર્ષના ત્યાગી જીવનમાં આપેલ અમૂલ્ય સેવાઓને બિરદાવી હતી.

વક્તાઓ પૈકી સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, પૂર્વ કોઠારી મહેશભાઈ ઠક્કર, હિતેશભાઈ ભુડીયા,

અરજણભાઈ પિંડોરીયા, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, ટ્રસ્ટી શ્રી મુરજીભાઈ શીયાણી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશ દાસજી વગેરે અ.નિ. સાં.યો. મહંતબેનની સેવાઓ સંબંધી પોતપોતાનાં મંતવ્યો રજુ કર્યા હતાં.

આ પ્રસંગે અમદાવાદથી પ.પૂ. મોટા મહારાજશ્રીના લઘુભ્રાતા રાઘવેન્દ્રપ્રસાદજી મહારાજે ખાસ ઉપસ્થિત રહી પોતાની શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

સમાપન વકતવ્યમાં પ.પૂ. મહંતસ્વામીએ સંપ્રદાયનાં નાનાં-મોટાં કાર્ય પ્રસંગોએ પૂ. ધનબાઈએ કરેલી સેવાઓનો વિશેષ ઉલ્લેખ કરી તેમના જીવનની સાદાઈ, ત્યાગ અને સેવાને બિરદાવી શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી.

અહેવાલ : ઓ. વ્યાસ

## શ્રી સ્વામિ. ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૫૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર-મસ્કત-ગાલા કેમ્પ શ્રી નરનારાયણદેવની કૃપા અર્થે ભેટ
૫૦૦/- મનજી શિવજી હાલાઈ - સુરજપર હાલે વિલ્સડન-લંડન અ.નિ. ધનબાઈ મનજીના સ્મરણાર્થે ભેટ.
૨૫૧/- વેલજી નારાણ વરસાણી-માનકુવા ન.વા. પુત્ર ચિ. વિપુલની સગાઈ નિમિત્તે ભેટ.
૫૦૦/- સંદિપ રામજી દબાસીયા-ભક્તિનગર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ.
૫૦૦/- જ્યોત્સના રામજી દબાસીયા-ભક્તિનગર શ્રી નરનારાયણદેવની કૃપાર્થે ભેટ.
૨૦૦/- નારાણ રત્ના ભુડિયા - ફોટડી હાલે મોમ્બાસા ચિ. ભારતી નારાણ ને ઓસ્ટ્રેલિયા કોલેજમાં એડમીશન મળ્યું તે નિમિત્તે ભેટ.
૧૦૧/- પ્રવીણભાઈ બી. ઠક્કર-અંજાર-કચ્છ સુપુત્ર ચિ. મેહુલભાઈની સગાઈ નિમિત્તે ભેટ
૫૦૦/- ગોવિંદભાઈ રામજી જીવાણી - બળદિયા નવા મકાનમાં વાસ્તુ નિમિત્તે ભેટ.
૧૦૧/- નાથાલાલ રવજી વેકરીયા પટેલ-સુખપર સુપુત્ર ગોવિંદ, ધ.પ. હીનાબેને કેન્યાની સુખરૂપ મુસાફરી પૂર્ણ કરતાં ભેટ.
૨૨૫/- કલ્યાણ ભીમજી હીરાણી-બળદિયા-ઉ.વા. નવી ગાડી લીધી તે નિમિત્તે ભેટ.
૫૧/- પ્રવીણભાઈ પારજીયા-રાજકોટ શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૫૧/- અશ્વિનભાઈ જમનાદાસ સચદે - મુલુન્ડ-મુંબઈ સુપુત્ર ચિ. ચિન્મયના જન્મદિન નિમિત્તે ભેટ.
૧૦૧/- દુષ્યંતભાઈ ભટ્ટ - અમદાવાદ શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ.
૧૦૧/- શિવજી સામજી ભુડિયા - નારાણપર ઉ.વા. સુપુત્રી ચિ. ભારતીબેનના લગ્ન નિમિત્તે ભેટ.
૧૧૦૦/- મુરજી શિવજી ભુવા, ધ.પ. કાન્તાબેન, પુત્ર ભરત, ધ.પ. દક્ષા, પુત્ર વિનોદ, ધ.પ. હંસા-સુખપર પુત્રી જ્યોત્સના જમાઈ લાલજી - કથા પારાયણ જ્ઞાનયજ્ઞ નિમિત્તે ભેટ
૨૦૧/- મનોજ શિવજી ધનજી પિંડોરીયા-માધાપર હાલે નૈરોબી શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમજ અ.નિ. મહંતસ્વામી હરિસ્વરૂપદાસજીના આશીર્વાદથી તબિયત સારી થતાં ભેટ.
૨૦૦/- અ.નિ. હરજી કાનજી હાલાઈ-મેઘપર હાલે કાર્ડિફ હ. જાદવજી હરજી હાલાઈ કથા પારાયણ નિમિત્તે ભેટ.
૧૧૧/- બિપીનસિંહ સામંતસિંહ રાઠોડ - હરકુંડી પુત્રના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ.
૫૦૧/- કાનજી પરબત હીરાણી હ. પ્રવીણભાઈ શિવજી - ફોટડી ઠાકોરજીને પારણીયું અર્પણ કર્યું તે નિમિત્તે ભેટ.
૩૫૦/- ધર્મેન્દ્ર હરજી પાંચાણી-દહીંસરા હાલે લંડન પુત્ર વિરનના જન્મ, સંતોના હસ્તે વર્તમાન ધરાવી કંઠી પહેરાવી તે નિમિત્તે ભેટ.
૨૦૧/- દાદા દેવશી વેલજી હાલાઈ-સુરજપર સુપુત્ર મનોજ દેવશી હાલાઈને ત્યાં લંડનમાં પુત્ર જન્મ થતાં તે નિમિત્તે ભેટ.
૧૫૧/- ગણેશભાઈ નાનજીભાઈ ઠક્કર-સાચોર નવી ગાડી ખરીદી તે નિમિત્તે શ્રીહરિ પ્રસન્નતાર્થે ભેટ.
૧૫૧/- ગણેશભાઈ નાનજીભાઈ ઠક્કર-સાચોર ભાણેજ પંકજભાઈને ત્યાં પુત્રજન્મ નિમિત્તે ભેટ.
૨૫૦/- અ.નિ. પ્રેમબાઈ લક્ષ્મણ કાનજી ગોરસીયાની પુણ્યસ્મૃતિમા, હ. લક્ષ્મણભાઈ કાનજી ગોરસીયા-માધાપર પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ.
૫૦૦/- અ.નિ. જાદવા સામજી વરસાણી, ધ.પ.ગં.સ્વ. વેલીબાઈ હ. રવજીભાઈ-સામત્રા શ્રીમદ્ ભાગવત પંચાહ્ન
૨૫૦/- પારાયણ નિમિત્તે ભેટ.
૧૫૧/- સાં.યો. લીલાબેન તથા સાં.યો. પ્રેમીલાબેન-ઘડાણી-કચ્છ છપૈયાધામમાં કથા પારાયણ કરાવી તે નિમિત્તે ભેટ. પરેશભાઈ પટેલ - મુંબઈ શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે ભેટ.

*************************************






















૮

(૧) ગુજરાત રાજ્ય દ્વારા આયોજીત રમસે ગુજરાત જીતશે ગુજરાત કાર્યક્રમ અંતર્ગત યોજાયેલ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની કન્યાઓ-ભુજ. (૨-૩) કચ્છ શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ તેમજ યુવક મંડળ તરફથી તુલસી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. નારણપર-નીચલોવાસ. (૪) પ.ભ. હિરાણી કાનજીભાઈ પરબત ધ.પ. ભાણબાઈ સહપરિવાર મંદિરમાં પારણીયાં અર્પણ કરી રહ્યા ઈ. સાથે પૂ. મહંત ટ્રસ્ટીગણ. ફોટડી. (૫) અન્નકૂટની આરતીનો લાભ લેતા ખીમજી રામદાસ ગાલા કેમ્પ. મસ્કત. (૬) અન્નકૂટ દર્શન-ખીમજી રામદાસ ગાલા કેમ્પ. (૭) અન્નકૂટ દર્શન શ્રી સ્વામિનારાયણ મંદિર-ગોધરા

WPP Lic No. G-PMG-RJT/011(Foreign)/2007-09
WPP Lic No. G-PMG-RJT/011/2007-09

























(૧-૨-૩) ૫૬ પવિત્ર ધનુર્માસની પ્રાતઃકાળની ધૂનમાં સંતો તથા પ.પૂ. મહંત સ્વામી તથા ભક્તો - ભુજ. (૪) રાજોપચારથી પૂજન કરતા પ.પૂ. મહંત સ્વામી તથા પા. જાદવજીભગત-અંજાર. (૫) રાજોપચાર બાદ મહાઆરતીનો લાભ લેતા સંતો તથા ભક્તો-અંજાર. (૬) મેડિકલ ચેકઅપ કેમ્પનું દીપપ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરતા ટ્રસ્ટી તથા મહેમાનો, કન્યા વિદ્યામંદિર-ભુજ. (૭-૮) શ્રી સ્વામિનારાયણ યુવક-યુવતિ મંડળના સભ્યો વૃક્ષારોપણ કરી રહ્યા છે. પર્થ-ઓસ્ટ્રેલિયા.